

SWARGAROHAN
PH. (027

# અધ્યાત્મ

વર્ષ-૨ જુન-૧૯૮૧ અંક-૯

"આપણી પૃથ્વી પરના મિસ્ત્રીઓ એ સૃષ્ટિના વિશ્વકર્માના સીધા વારસદારો છે. સમગ્ર વિશ્વની રચનામાં વિશ્વકર્માએ જે ખૂબીઓ ને ચાતુર્યની પ્રતીતિ કરાવી છે, તેની જ ઘણી નાની આવૃત્તિઓ આપણાં ભવનો અને પ્રાસાદોની રચનામાં મિસ્ત્રીઓ આપણને કરાવે છે."



## મિસ્ત્રી બેચરભાઇ ધરમસીભાઈ

ગવર્નમેંટ રજીસ્ટર્ડ કોન્ટ્રાકટર્સ.

ધરમપુર. ( જિ. વલસાડ )



પૂ. શ્રી યોગેશ્વરજી

## કાચનું ઘર

[ કેવળ ભૌતિક અનિત્ય પદાર્થોનું ઉપાર્જન, સંગ્રહ ને ભોગ. અનિત્ય દેહ વડે કરતા મનુષ્યોની સરખામણી, કાચના ઘરમાં કાચનાં રમકડાં વડે રમતા અજ્ઞ બાળકો સાથે પૂજ્યશ્રીએ કરી છે. કાચની વસ્તુ ક્યારે તૂટી જશે તેની ખબર જેમ કોઈને પડતી નથી, તેમ આ નશ્વર શરીર ક્યારે, ક્યાં ને કેવી રીતે પડશે, તેની કોને ખબર છે ? છતાં પોતાની જાતને પંડિતમાં ખપાવતા આ માણસો પોતાને સુરક્ષિત માનીને કેવી ભ્રાંતિમાં જીવે છે. તેનું સુંદર રૂપક આ કાવ્યમાં આલેખાયું છે.

તંત્રી ]

કાચના ઘરને બનાવી કાચના
કોચપર બેસી રમકડાં કાચનાં
રમે બાળક, કાચનો કૂવો કરી
કલ્પનાના પાન પાણીનું કરે.

કાચમાં ભોજન કરી શમવે ક્ષુધા
કાચના વટવૃક્ષની શીળી સઘન
છાંયડીમાં કાળજા કેરી કથા
કહે. સળગે છેવટે વડવાગ્નિમાં.

કાચના ઘરમાં રહેતા આપણે
અહર્નિશ તાપી રહેતા તાપણે,
અગ્નિજ્વાળામાં જલે ક્યારે બધું,
નિશ્ચયાત્મક ના કહેવાયે કશું.

કાચ તૂટે ના કહેવાયે કદી,
છતાં પોતાને સુરક્ષિત માનતા
અજ્ઞ બીજા કોણ એ પંડિતસમા !

શ્રી યોગેશ્વરજી

## લાઈફ મેમ્બરો નવા આજીવન સભ્યો

'અધ્યાત્મ' માસિકના આજીવન સભ્યોની સંખ્યામાં ઉત્તરોત્તર વધારો થતો રહ્યો છે. નવા નોંધાયેલ સભ્યોનાં નામ નીચે પ્રમાણે છે.

| | | | |
|---|---|---|---|
| ૧૩૬ | શ્રી. સી. કે. પટેલ | વડોદરા | રૂા. ૨૫૧ |
| ૧૩૭ | ,, પ્રભુભાઈ એલ. ભકતા | સુરત | રૂા. ૨૫૧ |
| ૧૩૮ | ,, જીતેન્દ્રભાઈ વિનાયકભાઈ જરીવાલા | સુરત | રૂા. ૨૫૧ |
| ૧૩૯ | ,, કેશવભાઈ પરાગભાઈ ટેલર | કબીરગામ | રૂા. ૨૫૧ |
| ૧૪૦ | ,, શાન્તિલાલ કીરપાશંકર ત્રિવેદી | સુરત | રૂા. ૨૫૧ |
| ૧૪૧ | ,, મફતલાલ સ્વરૂપચંદ ઠક્કર | અમદાવાદ | રૂા. ૨૫૧ |
| ૧૪૨ | મે. નાગરદાસ ચકુભાઈ એન્ડ સન્સ | ,, | રૂા. ૨૫૧ |
| ૧૪૩ | શ્રી અમૃતલાલ રવજીભાઈ પરીખ | ,, | રૂા. ૨૫૧ |
| ૧૪૪ | ,, નાનુભાઈ સી. દલવાડી | ,, | રૂા. ૨૫૧ |
| ૧૪૫ | ,, દેવનભાઈ પી. પટેલ | અમદાવાદ | રૂા. ૨૫૧ |
| ૧૪૬ | ,, ઉષાબેન એમ. વ્યાસ | અમદાવાદ | રૂા. ૨૫૧ |
| ૧૪૭ | ,, લક્ષ્મીચંદ નારણદાસ ગજીવાલા | સુરત | રૂા. ૨૫૧ |
| ૧૪૮ | ,, અરવીંદલાલ ઈચ્છારામ જરીવાલા | સુરત | રૂા. ૨૫૧ |
| ૧૪૯ | ,, રણછોડદાસ લોટવાલા લાયબ્રેરી ( શાન્તિભાઈ મજલાલ કડીવાલા તરફથી ) | મુંબઈ | રૂા. ૨૫૧ |
| ૧૫૦ | ,, વિજયસીંહ અભુભા રાણા | વડોદરા | રૂા. ૨૫૧ |
| ૧૫૧ | ,, શાંતિલાલ જગન્નાથ પંડ્યા | ,, | રૂા. ૨૫૧ |
| ૧૫૨ | ,, અમૃતલાલ વશનજી નાયક | ,, | રૂા. ૨૫૧ |

## ભેટ

રૂા. ૨૫, શ્રી હરિભાઇ ભોજાણી મોરબી તરફથી બેન મીનાના લગ્ન પ્રસંગે ભેટ

" જે પોતાની મૂર્ખાઈ જાણે છે તે તેટલા પુરતો તો ડાહ્યો છે. પરંતુ જે મૂર્ખ પોતાને ડાહ્યો સમજે છે, તે જ ખરો મૂર્ખ છે. "—

ભગવાન બુદ્ધ.


" જીવનમાં ભૌતિક સંપત્તિ ગમે તેટલી હોય, પરંતુ જ્યાં સુધી આત્મિક સુખ માટેની ભૂખ નથી જાગતી, ત્યાં સુધી સાચાં સુખ કે શાંતિનો અનુભવ નથી થતો. "

-શ્રી યોગેશ્વરજી

**કનેરીયા એન્જીનીયરીંગ વર્કર્સ**

શાંતિભાઇ કનેરીયા

**ઓઇલ એન્જીનના ઉત્પાદકો**

ઢેબર રોડ, રાજકોટ-૩૬૦૦૦૧

ફોન. નં ઘર : ૨૮૨૧૪ ઓફિસ : ૨૬૯૧૭


# અધ્યાત્મ


આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક

વર્ષ : ૨ અંક : ૯ છૂટક નકલ ૧-૫૦, વાર્ષિક લવાજમ

દેશમાં રૂા. ૧૫-૦૦ વિદેશમાં રૂા. ૧૦૦-૦૦ ( વિમાનથી )

**સંસ્થાપક :**

**પ. પૂ. યોગેશ્વરજી**

સર્વમંગલ ચેરીટેબલ ટ્રસ્ટ

મણીનગર, અમદાવાદ-૮

**તંત્રી-સંપાદક :**

શ્રી નારાયણ હ. જાની

**સહસંપાદકો :**

શ્રી નાનુરામ દુધરેજિયા

શ્રી ભાઈલાલભાઈ છાટબાર

શ્રી મણિભાઈ સી. શાહ

**સલાહકાર મંડળ :**

શ્રી સર્વેશ્વરી

શ્રી રમણીકલાલ ભોગીલાલ શાહ (ભાવનગર)

શ્રી વિઠ્ઠલ પંડ્યા (મુંબઇ)

શ્રી બાબુભાઈ વ્હોરા ( અમદાવાદ )

શ્રી જે. વી. શાહ (મુંબઇ)

શ્રી શાંતિભાઈ કનેરીયા (રાજકોટ)

શ્રી રાજેશભાઈ કાપડિયા (ભાવનગર)

**પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન :**

'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી

સરદારનગર, ભાવનગર-૩૬૪૦૦૧

**તંત્રી, મુદ્રક અને પ્રકાશક :**

નારાયણ હ. જાની

**મુદ્રણસ્થાન :**

રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ

લોખંડબજાર, ભાવનગર-૩૬૪૦૦૧


### 'અધ્યાત્મ' અંગે સૂચનો

**ગ્રાહકોને :** ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેશો.

- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતા રહેશો.
- 'અધ્યાત્મ' દર માસની દસમી તારીખે પ્રસિદ્ધ થશે. કોઈ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી અપાશે.
- પત્રવહેવાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- 'અધ્યાત્મ' અંગે કંઈ સૂચનો કરવાનાં હોય તો નિઃસંકોચ કરવા અનુરોધ છે.
- દર મહિનાની તા. ૮ સુધીમાં જે ગ્રાહકોનાં નામ મળી જશે, તેમને તા. ૧૦મીએ અંક રવાના કરવામાં આવશે.

## * અનુક્રમણિકા *


| | | |
|---|---|---|
| સ્થિતિ | ૫ | શ્રી યોગેશ્વરજી |
| અમદાવાદની ધ્યાનસાધના શિબિર | ૭ | તંત્રી |
| રોગ નિવૃત્તિ માટે મન, શરીર અને આત્માનો સંવાદ જરૂરી | ૧૧ | મણિભાઇ ૨. દવે |
| પ્રકાશના પંથે | ૧૫ | દીપક પ્ર. મહેતા |
| નિર્ભય યોગ | ૨૧ | સંત શ્રી આશારામજી |
| ભાગવત સુધા | ૨૫ | પ્રા. જનાર્દનભાઈ દવે |
| સેવા પરાયણ ભક્ત શ્રી શંભુચરણ મલિક | ૨૮ | નારાયણ હ. જાની |
| અમૃતમય સ્પર્શ | ૩૪ | શ્રી ભૂપેન્દ્રભાઇ ત્રિવેદી |
| ગાયત્રી પ્રાર્થના | ૩૮ | શ્રી કિશોરચંદ્ર દવે |
| દર્શનની ઝંખના | ૩૯ | શ્રી યોગેશ્વરજી |
| આરઝુ | ૪૦ | શ્રી પ્રભાવતીબેન પજવાણી |
| મને મારા વિશે આશ્ચર્ય ! | ૪૧ | શ્રી ઈશ્વર પેટલીકર |
| આનંદની ખોજ | ૪૬ | શ્રી જે. વી. શાહ |
| સિંહમુદ્રા અને સિંહાસન | ૪૮ | શ્રી મણિભાઈ શાહ |
| परं पश्यत, माऽपरम् | ૫૧ | ડો. રણજીત પટેલ |
| શ્રીમહાત્મા ગાંધીજી વિષયક વાર્તાલાપ | ૫૪ | શ્રી સર્વેશ્વરી |
| રામકથા | ૫૯ | શ્રી યોગેશ્વરજી |


# અધ્યાત્મ


વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવનસહારો

વર્ષ : ૨ જૂન-૧૯૮૧ અંક : ૯


## સ્થિતિ

ભગવાન બુદ્ધ એકાંત અરણ્યમાંથી મંદગતિએ આગળ વધી રહેલા. એમની પાછળ પડેલા એ અરણ્યમાં વસતા દસ્યુ શ્રેષ્ઠ અંગુલિમાલે એમને જોઈને બૂમ પાડી, "બુદ્ધ, ઊભો રહે." ભગવાન બુદ્ધે શાંતિ તથા સ્વસ્થતાપૂર્વક પ્રત્યુત્તર પૂરો પાડ્યો કે 'હું તો ઊભો જ છું, તારે ઊભા રહેવાનું બાકી છે.' અંગુલિમાલે પુનઃ એવું જ કહ્યું ને બુદ્ધે એવા જ ઉદ્‌ગાર કાઢ્યા, ત્યારે અંગુલિમાલને અતિશય આશ્ચર્ય થયું. બુદ્ધની આગળ આવીને એણે પૂછ્યું કે 'તમે અસત્ય ભાષણ કરો છો ?' બુદ્ધે કહ્યું, ' બુદ્ધ કદી અસત્ય ભાષણ કરતો નથી. અસત્ય ભાષણ કરે તેને બુદ્ધ ના કહેવાય. "તો પછી ? તમે તો ચાલો છો તોપણ કહો છો કે હું ઊભો છું, તે કેવી રીતે ?"

બુદ્ધ બોલ્યા: "મારું શરીર ચાલે છે. પરંતુ મન નથી ચાલતું, સ્થિર છે. બોધિ પ્રાપ્તિ પછી એણે વિષયોના વનમાં વિહરવાનું કે પવન લહરથી ડોલતી દીપ શિખાની જેમ ચલાયમાન બનવાનું છોડી દીધું છે. તું હજુ વિષયોમાં, વિકારોમાં, વાસનામાં ફર્યા કરે છે, તારે તારી અંદર સ્થિતિ કરવાની બાકી છે."

ભગવાન બુદ્ધના એ શબ્દો ખૂબ જ પ્રેરક તથા જીવનોપયોગી સંદેશથી સભર છે. માનવનું મન મોટે ભાગે બહિર્મુખ બનીને ભટક્યા કરે છે, અસ્વસ્થ અને અશાંત બને છે. પદાર્થો, વિષયો, પ્રસંગો

અને પરિસ્થિતિઓ એના પર પોતપોતાના સાનુકૂળ-પ્રતિકૂળ સંમિશ્રિત પ્રભાવો પાડ્યા જ કરે છે. માનવ વાસના, વિકાર, સ્વાર્થ, અહં-મમ અને આસક્તિનો દાસ બનીને અવનીમાં અટવાય છે. એણે આત્મસ્થ થવાની, પોતાની અંદરની દુનિયામાં ડૂબકી મારીને, નિર્વિકાર નિર્વાસનિક અવસ્થામાં આસીન થવાની, પ્રજ્ઞાસ્વરૂપ સચ્ચિદાનંદ પરબ્રહ્મ પરમાત્માનો પરિચય સાધી, પ્રેમ જગાવી, એમની સાથે અનુસંધાન સાધવાની આવશ્યકતા છે. માનવે પ્રબુદ્ધ બનવાનું છે. એટલે કે વિષયોના વાસનાયુક્ત અવિદ્યાજન્ય જગતમાંથી જાગીને આત્માના આલોકમાં પદાર્પણ કરવાનું છે. એવા પદાર્પણ પછી શરીર સંસારમાં રહેશે. વિરોધાભાસી વાતાવરણમાં કે વ્યવહારમાં રહેશે તો પણ મન ચંચળ નહીં બને, વિદ્રોહ નહીં કરે, અશાંત નહિ બને, આત્મામાં સ્થિત રહેશે. જીવનના પરમ લક્ષ્યનું કદી વિસ્મરણ નહીં થાય. "જૈસે નાવ ફિરે ચારો દિશ, ધ્રુવતારા પર રહત નિશાની" ની જેમ એના ચિત્તની વૃત્તિ, એની અસ્મિતા, પરમાત્માભિમુખ બનીને પરમાત્મા પ્રત્યે જ પ્રવાહિત થશે. આંખ જોશે છતાં નહિ જુએ. એટલે કે પરમાત્માને જ જોશે. કાન સાંભળશે તો પણ નહીં સાંભળે. શરીર, મન, ઈન્દ્રિયો કાર્ય કરશે તોપણ અંતરાત્મા એથી અલિપ્ત રહેશે.

પળે પળે ચંચળ ચાલે ચાલતા માનવને આત્માની અંદર સ્થિતિ કરવાની, ગીતાની પરિભાષામાં સ્થિતપ્રજ્ઞ બનાવાની, ઊભા રહેવાની આવશ્યકતા છે. બીજું બધું જ ચાલતું હોય પરંતુ એની વચ્ચે માનવ અડગ રીતે ઊભો રહેતો હોય, આત્મસ્થ રહેતો હોય, એથી અધિક કલ્યાણકારક બીજું શું હોઈ શકે?

શ્રી યોગેશ્વરજી



# અમદાવાદના આંગણે ધ્યાન-સાધના શિબિર.

તંત્રી

પરમ પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરના અનુયાયી સાધકોની અખિલ ગુજરાત આઠમી ધ્યાન સાધન શિબિર અમદાવાદની લૉ કોલેજમાં તા. ૧૫-૫-'૮૧ થી ૨૧-૫-'૮૧ સુધી યોજાઈ. પ. પૂ. મા શ્રી. સર્વેશ્વરી પણ આ શિબિરમાં પૂ. શ્રીની સાથે જ ઉપસ્થિત રહ્યાં.

શિબિરનું આયોજન અમદાવાદના પ. પૂ. શ્રીના અનન્ય-ભક્ત શ્રી બાબુભાઈ વ્હોરા અને તેમના સાથી નિષ્ઠાવાન મિત્રોએ-મહાત્મા યોગેશ્વર ચેરિટેબલ ટ્રસ્ટ-દ્વારા કર્યું.

શિબિરમાં સ્થળ ઉપર રહેનારા લગભગ ૨૫૦ જેટલા ભાઈ બહેનો ઉપરાંત, અમદાવાદ શહેરમાંથી પણ દોઢસો જેટલાં ભાઈ બહેનો વહેલી સવારથી આવીને કાર્યક્રમમાં જોડાતાં.

શિબિરનો કાર્યક્રમ-સવારના ૫-૩૦ની ધ્યાનની બેઠકથી શરૂ થતો. તે પછી પ્રાર્થના, ભજનો, અને આસનોનો કાર્યક્રમ થતો. ધ્યાનની બીજી બેઠક સવારના ૮-૦૦ થી ૯-૩૦ સુધીની થતી. તેમાં પ. પૂ. શ્રી યોગેશ્વરજી સાધકોને ધ્યાનની વિવિધ પ્રક્રિયા વિષે સમજ આપતા, તેમજ ધ્યાન પૂરું થયા પછી શરીરનાં વિવિધ અંગોને સ્ફુર્તિલાં કરવાનાં કેટલાંક આસનો, મુદ્રાઓ ને હળવી કસરતો બતાવતા. પૂ. શ્રીના હળવા ને વિનોદી સ્વભાવનું આ સમયે અદ્ભુત દર્શન થતું.

થોડા વિરામ બાદ દસ વાગે ફરી સાધકો મળતા ને પ્રશ્નોત્તરીમાં-સાધકોને મૂંઝવતા સાધનાત્મક કે અન્ય પ્રશ્નોના પૂ. શ્રી યોગેશ્વરજી પ્રત્યુત્તરો આપતા. આમાં કેટલાક પ્રશ્નોના

પ્રત્યુત્તરોમાં પૂ. શ્રીનું જીવન વિષેનું અદ્‌ભુત દર્શન-છતું થતું. જીવનને પૂર્ણરીતે-ધર્મ, અર્થ, કામ ને મોક્ષના ચતુષ્પુરુષાર્થની રીતે-જોવાની શીખ તેઓએ સાધકોને આપી. માનવ-જીવનની ઇમારત ધર્મના પાયા ઉપર રચાયેલી હોવી જોઈએ. અને એનું અંતિમ શિખર મોક્ષ ધ્યેય તરીકે રખાવું જોઈએ. તે સાથે ધર્મથી અવિરુદ્ધ એવા અર્થોપાર્જનને તેમ જ કામને પણ એમાં યોગ્ય સ્થાન હોય, તે વાત તેઓશ્રીએ ખૂબ સુંદર રીતે સમજાવી.

પ્રશ્નોત્તરી પછી પાછી ધ્યાનની ત્રીજી બેઠક શરૂ થતી, જે અડધો કલાક ચાલતી. ત્યાર બાદ સાધકો, ભોજન, આરામ ને વ્યક્તિગત કામો, નાના સમૂહોમાં સત્સંગ, ધાર્મિક વાર્તાલાપો કે ભજનોમાં જોડાતા.

બપોર પછીની બેઠક, સરળ ગીતાના પાઠથી થતી. તે પછી સાધકો પોતાના વ્યક્તિગત અનુભવો રજૂ કરતા. સાત દિવસ દરમ્યાન પચ્ચીસેક જેટલાં સાધકભાઈબહેનોએ પોતાની આધ્યાત્મિક અભિમુખતાની તેમ જ પૂ શ્રી. તથા પૂ. શ્રી. સર્વેશ્વરી મા વિષેના અનુભવોની વાતો સરસ રીતે ટૂંકાણમાં કરી.

તે પછી ફરી ધ્યાનની બેઠક થતી. આમ આખા દિવસ દરમ્યાન ચાર બેઠકોમાં લગભગ ત્રણેક કલાક ધ્યાન કરાવવામાં આવતું.

સાંજે સાત વાગે પૂ. શ્રી. લૉ કોલેજના ખુલ્લા મેદાન-માં યોગવાસિષ્ઠના આધારે સાધનાની સાત ભૂમિકાઓ વિષે સરળ ભાષામાં-ઉદાહરણો સહિત જાહેર પ્રવચનો આપતા. આ પ્રવચનોમાં લોકો ઘણી સારી સંખ્યામાં જોડાતા.

જાહેર પ્રવચન પછી ભોજન અને થોડો સમય ભજન વગેરે પછી સાધકો આરામ કરવા જતા. ઘણીવાર પ. પૂ. મા શ્રી સર્વેશ્વરી રાતે સાધકોને મળવા આવતાં ને તેઓના જીવનના અનુભવો ને સ્વરચિત ભજનો સંભળાવતાં. આમ



સૂવામાં મોડું થતું; છતાં સાધક ભાઈ બહેનો વહેલી સવારે ત્રણ સાડાત્રણે ઊઠી જતાં; ને પોતાનું નિત્યકર્મ પતાવી ૫-૩૦ની ધ્યાનની બેઠકમાં જોડાઈ જતાં. ઘણીવાર ત્રણ સાડાત્રણ કલાક-થી વધારે આરામ રાતે મળતો નહિ, છતાં તેઓ ખૂબ પ્રફુલ્લિત જણાતાં ને તેઓના ચહેરા ઉપર દિવસ દરમ્યાન કોઈ થાક કે સુસ્તી વરતાતી નહિ.

ધ્યાન સાધના શિબિરનો પ્રારંભ ગુજરાતી ભાષાના ખ્યાતનામ લેખક શ્રી ઈશ્વર પેટલીકરના મંગલ પ્રવચનથી કરવામાં આવ્યો. પ. પૂ. શ્રી. યોગેશ્વરજીએ ધ્યાન સાધના શિબિરનો હેતુ સમજાવતાં કહ્યું, કે આ શિબિર એ માત્ર સાત દિવસનો સમૂહ સાધનભજનનો કાર્યક્રમ નથી, પરંતુ ઉત્તમ મનુષ્ય બનવા માટે, સાધકના જીવનનું આમૂલ પરિ-વર્તન કરવાની તાલીમ છે. અહીંથી ઘરે જઈને દરેક સાધકે શિબિરનું જીવન શકય તે રીતે પોતાના ઘરમાં જીવવાનો પ્રયાસ કરવાનો છે. આત્મિક માર્ગે આગળ વધવા સાથે, કુટુમ્બ, સમાજ ને દેશનાં હરેક ક્ષેત્રોમાં આપણે જ્યાં પણ કામ કરતા હોઈએ ત્યાં રહીને શ્રેષ્ઠ મનુષ્ય તરીકે ફાળો આપવા-નો છે. સમાજ કે રાષ્ટ્રનો સુધાર વ્યક્તિઓ સુધર્યા સિવાય કદી શકય બનવાનો નથી. માટે સહુને પોતાથી એનો આરંભ કરવા પૂ. શ્રી. એ અનુરોધ કર્યો. જીવનનું ધ્યેય આત્મ સાક્ષાત્કાર કે ઈશ્વરદર્શન છે, તે કદી ન ભૂલાય તે વાત પણ તેઓશ્રીએ ભારપૂર્વક કહી.

પૂ. શ્રી. સર્વેશ્વરીમાએ સાધકોના આગ્રહને વશ થઈ, પોતાના સાધનાત્મક જીવનની રૂપરેખા ને અનુભવો વાર્તા-લાપોમાં ખૂબ સરસ, સરળ, ને સહજભાવે રજુ કર્યા, એના પરિણામે સાધકોને પ્રતીતિ થઈ કે બાહ્ય રીતે દેખાતી એમની દૂબળી પાતળી દેહયષ્ટિ એ વારસોનાં તપ, વ્રતો ને સાધનાના

પરિપાકરૂપ છે. છેલ્લાં દસ વર્ષથી તેઓ પોતાની સાધના કેવી ગુપ્ત રીતે કરતાં તે વાત પણ તેઓએ કહી. તેમજ પ. પૂ. શ્રી સાથે રહેવાનું થતાં એમના જીવનનું દર્શન પણ તેઓએ સાધકોને કરાવ્યું. પ. પૂ. શ્રી. નો સમગ્ર જીવન વ્યવહાર મા જગદંબાને કેવો સમર્પિત હોય છે, તેના પ્રસંગો પણ કહ્યા.

શિબિરમાં અડધા ઉપરાંત સાધકો યુવાન વયનાં હતાં, જે ઘણી મોટી વાત લેખાય. શિબિરના પ્રથમ દિવસે શ્રી અરૂણભાઈ ઠાકરે યોગાસનો વિષે સુંદર પ્રવચન આપેલું. જ્યારે એક દિવસ રાત્રે આકાશવાણીના કલાકારો શ્રી સુરેશભાઈ જાની, મૃદુલાબેન પરીખ, શ્રી જયશ્રીબેન વોરા, તથા શ્રી મોદી એ ભજનોનો કાર્યક્રમ આપેલો, જે સાધકોને ખૂબ ગમેલો.

શિબિરમાં શ્રી ઈશ્વર પેટલીકર ઉપરાંત, ગુજરાત સરકારના નિવૃત્ત આઈ. એ. એસ. અધિકારી શ્રી. જી. ડી. અમીન, નિવૃત્ત ચીફ એન્જીનિયર શ્રી વોરા, શ્રી. વાસુદેવ મહેતા તથા ઘણા સંભાવિત લોકો જોડાયા હતા. રાષ્ટ્રીય શાળા રાજકોટના શ્રી પુરુષોત્તમદાસ ના. ગાંધી પણ બે દિવસ માટે શિબિરમાં જોડાયા હતા. રચનાત્મક પ્રવૃત્તિઓ સાથે, પ્રાર્થના ધ્યાન, ભજન વગેરેનો સમન્વય કરવાના પૂ. મહાત્મા ગાંધીજીના પ્રયોગ સાથે પૂ. શ્રી. યોગેશ્વરજીની પદ્ધતિ સરખાવી હતી.

પૂ. શ્રી. હાલ રામચરિત માનસનો કાવ્યાનુવાદ કરવામાં દિવસના ત્રણ ચાર કલાક રોકાયેલા હોવા છતાં શિબિરમાં નવ કલાક હાજરી આપતા. તેનાથી તેઓશ્રીને ઘણો પરિશ્રમ પડતો, પરંતુ સાધકોના હિતાર્થે લોકસંગ્રહની ભાવનાથી આ પરિશ્રમ તેઓ આનંદપૂર્વક સહી લેતા,

ભાવપૂર્ણ ગીતોની રચના અને તન્મયતાપૂર્વક એનું રટણ અને ગૂંજન એ જ પૂ. શ્રી. સર્વેશ્વરી માની સાધનાનું મોટું

( અનુસંધાન પાના ૬૪ ઉપર )



# રોગ નિવૃત્તિ માટે મન-શરીર આત્માનો સંવાદ જરૂરી

મણિભાઈ ર. દવે

આપણે ભાગ્યે જ વિચારતા હોઈએ છીએ કે માનવદેહ એ આંતરિક ચેતનાની અભિવ્યક્તિનું સાધન છે. એટલે મન શરીર અને આત્માની સંવાદિતા હોય ત્યારે જ શરીર પણ રોગમુક્ત હોય છે. એટલે દેહના સ્તર પર વર્તાતા રોગો એ અંતરઘર્ષણ અગર સંવાદિતાના અભાવનું પરિણામ છે. પરિણામનો બોધ થાય તો જ આપણે મૂળ તરફ વળીએ અને ઈલાજ ત્યાં કરવાનો છે. બહારના ઉપચારથી થોડી રાહત મળે પણ રોગ મૂળથી નાબુદ ન થાય. દા. ત. પેટની ગરબડના કારણે તાવ આવે અને શરીર તપેલું માલુમ પડે તે બહારના સંકેતરૂપે હોય છે તેનો બહારનો ઉપચાર પાણીનાં પોતાં મૂકવાથી ટેમ્પરેચરમાં થોડો ફેર પડે એટલું જ-પણ તાવ મૂળથી નાબૂદ કરવા માટે આંતર ઉપચારમાં ઉપવાસ અગર પેટ સાફ કરવા માટેના ઈલાજ કરવા પડે છે. રોગનો બોધ માણસના કલ્યાણ માટે કુદરત કરતી હોય છે. તેનાથી દુઃખી ન થતાં તમે કેન્દ્રથી છૂટા પડ્યા છો તેનું તે સૂચન સમજી ફરી સંવાદ સ્થાપવા પ્રયત્ન કરવો જોઈએ. તેને બદલે દુઃખ સમજી તેના વિચારમાં માણસ રોકાયેલો રહે અને બહારના ઉપચાર કરે તો પણ માણસ રોગમુક્ત થાય નહીં.

દેહ મારફત પણ આપણને અદ્વૈત તરફ વાળવાનો કુદરતનો પ્રયત્ન છે. સાચી હકીકતો અને સમજણનો અભાવ બહારના ઉપચારથી રોગ મટાડવા પ્રેરે છે. રોગ મટતો નથી

અને કુદરતનો હેતુ તમોને જે તમારા સ્વરૂપ તરફ વાળવાનો છે તે નિષ્ફળ જાય છે.

દેહાધ્યાસથી માણસ પદાર્થવાદી બનતો ગયો છે એટલે પોતાના જીવંત દેહની સાથે પણ તેનો વ્યવહાર પદાર્થવાદી એટલે દવાથી રોગ મટાડવાનો થાય છે. આમાં બે મુદ્દાના અંગોનું વિસ્મરણ થયું છે. જીવનનું સંગીત આત્મા, મન અને દેહની સળંગ એકવાક્યતા સિવાય સંભવતું નથી. રોગ એ તો અંતરના તૂટેલા સંવાદની જાહેરાત છે. જાહેરાત બોધ માટે છે, ઉપચાર માટે નથી. ઉપચાર આંતરિક અને સૂક્ષ્મ છે. તે ધ્યાનથી અગર સમજણથી પ્રાપ્ત થતી પ્રસન્નતા, શાંતિ અને પ્રેમરૂપી આત્માના ગુણો તરફ જવાથી રોગનું કારણ નાબૂદ થતાં પછી બહાર પરિણામરૂપી દેહનો રોગ નાબૂદ થાય છે,

હાલની સમજણની ટૂંકી નજરથી માણસ પરિણામોનો જ ફક્ત ઇલાજ કરી રોગમુક્ત થવા પ્રયત્ન કરે છે. પણ બાહ્ય ઉપચારથી ફક્ત થીગડું દેવાય છે–રોગ એક ઠેકાણે દબાઈ બીજે દેખા દે છે. અને આપણે ધીરે ધીરે કુદરતમાંથી શ્રદ્ધા ગુમાવતા જઈએ છીએ. ટૂંકી નજરની આ ન ભરપાઈ થઈ શકે શકે તેવી ખોટ તરફ મોટા ભાગના માણસોનું ધ્યાન ગયું નથી.

દરેક ક્ષેત્રમાં વિચારકો, ચિંતકો અને ઋષિઓ પેદા થતા આવ્યા છે. તેથી ધર્મ જીવંત રહ્યો છે. એટલું જ નહીં પણ આપણે સમષ્ટિના એકમના ભાગ છીએ અગર કેન્દ્રના સૂર્યના કિરણ છીએ તેથી મૂળ સાથેની એકતા ગુમાવતાં અનિવાર્ય રીતે રોગના ભોગ થઈએ છીએ. રાજકારણના ક્ષેત્રમાં મહાત્મા ગાંધી, અમેરિકાના પ્રેસીડેન્ટ અબ્રાહમ લિંકન, રશિયાનો અમીર ટોલસ્ટોય, ફ્રાન્સના રોમારોલા વગેરે આવા મૌલિક ચિંતકોના નમૂના પદાર્થવાદી જુવાળને પાછો પાડી



આત્મતત્ત્વ તરફ ધ્યાન દોરે છે. આ રીતે સત્ય પોતાનું અસ્તિત્વ જાળવી રાખે છે. એટલું જ નહીં પણ પોતાના સર્જન તરફની કરુણાથી તેને જગાડી પણ જાય છે.

આવો જ ઋષિ કક્ષાનો દાકતર એડવર્ડ બાક વેલ્સમાં થયો. તેને બાલ્યાવસ્થાથી માનવસેવા કરવાનાં સ્વપ્ન હતાં. તેથી તેણે દાકતરી અભ્યાસ કર્યો અને દાકતરીની ઊંચામાં ઊંચી પદવી મેળવી. પરંતુ દરદીની સારવાર દરમ્યાન તેની આર્ષદૃષ્ટિથી જોયું કે પદાર્થવાદી ઉપચારો રોગ નાબુદ કરવામાં સફળ થતા નથી. ફક્ત હંગામી રાહત જ આપે છે. માણસ તેના કેન્દ્રથી છૂટો પડવાથી અહંકાર, લોભ, સ્વાર્થ વગેરે સૂક્ષ્મ રોગોનો શિકાર બન્યો છે, તેનાં બહારનાં પરિણામે તે શરીરના બહારના રોગોથી પીડાય છે એટલે સાચી સારવાર તો આત્મા સાથે મન અને શરીરનો સંવાદ સ્થાપવાની છે. જીવનના સંગીતથી બહારના રોગો પણ અદૃશ્ય થાય છે.

ડૉ. બાકની આ સમજમાં ઋષિની દૃષ્ટિ હતી તે માટે તે સ્થૂળવાદી ડૉકટરોના ક્રોધનો ભોગ બન્યો અને તેમણે તેને પોતાના સમાજ બહાર કાઢયો, છતાં જેની પાસે સત્યનું બળ હોય છે તે જ ક્રાંન્તિ લાવી શકે છે. એટલું જ નહીં, પણ તે ગમે તે ભોગ આપવા તૈયાર થાય છે. તેની વાર્ષિક કમાણી લગભગ રૂા. ૫૦૦૦૦/–ની આસપાસ હતી, પરંતુ તે તેણે જતી કરી. તે સમજતો હતો કે દાકતરના પદાર્થવાદી ધંધામાં દર્દીનું શોષણ સિવાય બીજું કંઈ નથી. પરંતુ તેમને જો સાચી મદદ કરવી હોય તો તેમના મન અને આત્માના વિસંવાદીપણા તરફ તેમનું ધ્યાન દોરવું. પછી તેમની બાહ્ય સારવાર ગૌણ બની જશે. તેણે નેચરોપથીની ચિકિત્સામાં હોમિયોપથી અને વનસ્પતિશાસ્ત્રથી દર્દીઓના રોગ મટાડવાનું વધારે

યોગ્ય ધાર્યું.

ડૉ. બાકની ઋષિ દૃષ્ટિએ અદ્વૈત સાધનાનો રોગ દ્વારા એક નવો અભિગમ રજૂ કર્યો. આ ઉપરથી જણાય છે કે આપણા જીવનના દરેક ક્ષેત્રને ઐકત્વનું સત્ય પોકારી રહ્યું છે -જો સાંભળવાને કાન અને જોવાને આંખ હોય તો. રોગનાં ચિહ્નો મારફત પણ તે જ બોલી રહ્યું છે-જો આપણામાં તેને ઝીલવાની સંવેદનશીલતા હોય તો. તમારા બધા શારીરિક રોગો પણ અહંકારના પરિવાર રાગ, દ્વેષ, કામ, ક્રોધ, લોભ, મોહ ઈત્યાદિના સૂક્ષ્મ રોગોના ચિહ્નરૂપે શરીર ઉપર પોતાની જાહેરાત કરતા હોય છે. તેમને ફક્ત ચિહ્નો સમજી લઈ મૂળ તરફ દૃષ્ટિ કરતાં તે પણ આધ્યાત્મિક પરિવર્તન લાવે છે. જીવન અનેક પ્રકારે અદ્વૈતના સંદેશા લાવે છે. તેથી વાસ્તવિક જ્ઞાન જીવનના અનુભવો આપે છે. તે કદી ભૂલાતા નથી. તાજા રહે છે, અને ઉત્તરોત્તર શ્રદ્ધામાં વધારો કરે છે. અને છેવટે આખરી રહસ્ય ખુલ્લું થાય છે. ત્યારે ઉપનિષદના ઋષિઓનાં ચિંતન અને અનુભવો સાથે મેળવણી કરતાં આપણી ખોજને પુષ્ટિ મળે છે. શાસ્ત્રોનો ફક્ત આટલો જ ઉપયોગ મદદગાર થઈ પડે. બાકી અનુભવ થતાં પહેલાં શાસ્ત્રો વાંચવાથી તે અનુભવની ભ્રાંતિનો પડદો બનાવી સાત્ત્વિક રીતે જીવન બરબાદ કરે છે.

—*—



# પ્રકાશના પંથે (શ્રી યોગેશ્વરજીની આત્મકથા)

સંક્ષેપ : શ્રી દીપક પ્ર. મહેતા

## ભિક્ષુ અખંડાનંદનો મેળાપ ને તેમની મદદ

ભિક્ષુ અખંડાનંદને લખેલા પત્રના પ્રત્યુત્તરની વધારે પ્રતીક્ષા કરવી ન પડી. અઠવાડિયું પૂરું થાય તે પહેલાં તો ઉત્તર આવી ગયો. સ્વામીજીએ પત્રમાં સૂચના આપી કે મારે તેમનો પત્ર મળે તે જ દિવસે નડિયાદમાં મળવા આવવું. તેઓ પોતે ત્યાં સ્ટેશન પર આવેલા સંન્યાસ આશ્રમમાં આવી રહ્યા છે. ત્યાં બધી જ વાતનો ખુલાસો વ્યક્તિગત રીતે થઈ શકશે.

તેમણે મને તેમની પાસે મળવા બોલાવ્યો તેની પાછળ મને ઈશ્વરનો કોઈ ગૂઢ સંકેત દેખાયો. તેઓ પ્રત્યક્ષ મળવાથી મને મોટી મદદ મળશે ને મારી સાચી આધ્યાત્મિક જાગૃતિ જોઈને મને ઇચ્છાનુસાર મદદ કરવા તેઓ જરૂર પ્રેરાશે. એ વિચારથી પ્રેરાઈને મારી હિંમત વધી ગઈ અને પત્ર વાંચીને બે કલાક બાદ ઉપડતી ગાડીમાં હું રવાના થયો.

નડિયાદમાં સંન્યાસ આશ્રમમાં જઈને તપાસ કરી તો ખબર પડી કે સ્વામીજી આવી ગયા છે અને ઉપરના ઓરડામાં કામ કરી રહ્યા છે. તેમણે મને તરત જ ઉપર આવવાની આજ્ઞા કરી.

એક સાધારણ ખુરસી પર બેસીને સ્વામીજી ભજનોનાં પ્રુફ તપાસતા હતા. તેમનું શરીર સારું દેખાયું. મોઢું અને માથું

જરા ભારે લાગ્યું. એમની આકૃતિ સહેજ પ્રભાવશાળી લાગતી હતી. તેમણે ભગવો ઝભ્ભો પહેરેલો. થોડા વખત સુધી હું એમના તરફ જોઈ રહ્યો. મારા મનમાં તો તેમને માટે પહેલેથી જ આદર ભાવ બંધાયેલો. બોરસદના વતની એક લોહાણા ગૃહસ્થે મુંબઈમાં ગીતાની તપાસ કરી. ગીતાની કિંમત તેમને વધારે લાગી. ને પછી તો તેણે ઓછી કિંમતે ગીતા જેવા ઉપયોગી ગ્રંથો બહાર પાડવાનો સંકલ્પ કર્યો. તે સંકલ્પમાંથી સ્વામીશ્રી ભિક્ષુ અખંડાનંદનો જન્મ થયો. ઓછા અને ઉછીના લીધેલા ભંડોળની મદદથી લોકોની સેવા કરવાને એકલે હાથે આગળ વધ્યા ને સંકલ્પના બીજમાંથી છેવટે સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય નામે મોટી સંસ્થાની, કહો કે એક વિશાળ સેવા વૃક્ષની સ્થાપના કરી. શ્રી રામકૃષ્ણ પરમહંસ, સ્વામી વિવેકાનંદ, રામતીર્થ ને ચૈતન્યમહાપ્રભુનાં જીવનો તથા જ્ઞાનેશ્વર, ભાગવત, રામાયણ, યોગવાસિષ્ઠ ને દાસબોધ જેવા ઉત્તમ ગ્રંથોનો ગુજરાતીમાં તેમણે પરિચય કરાવ્યો. અને નવા ભાવમાં ભગીરથ બનીને જ્ઞાનની પવિત્ર ગંગાને વહેતી કરી. છતાં પણ એ વાતનું એમને અભિમાન ન હતું.

એવા મહાન પુરુષની પાસે બેસવાનો અવસર પ્રભુની કૃપાથી મને અચાનક પ્રાપ્ત થયો એટલે મારા આનંદનો પાર ન રહ્યો. મને એમ હતું કે મળતાંવેંત તે મારા લેખોને માટે મને શાબાસી આપશે ને મારી મરજી મુજબ મદદ પણ કરી દેશે. પણ એ તો શાંતચિત્તે પોતાનું કામ કર્યે જતા હતા. જાણે મને ઓળખતા જ ના હોય તેમ મારા પત્ર કે લેખ વિશે એક અક્ષર પણ ઉચ્ચારતા ન હતા. વિચારો ને ભાવોના હીંચકા પર બેઠો હોઉં તેમ હું તેમની પાસે બેસી રહ્યો.

લાંબા સમય સુધી તેમણે કામ કર્યું. પછી પુસ્તકને બાજુ



પર મૂકીને મારી તરફ મુખ ફેરવ્યું ને મારી સાથે વાતો કરવાની શરૂઆત કરી. મારા જીવનમાં આટલી નાની ઉંમરમાં વૈરાગ્ય કેમ થયો, હિમાલય જવાની ઇચ્છા કેમ થઈ, મારે હિમાલય શા માટે જવું છે, તે વિશે તેમણે પૂછવા માંડ્યું. એમના પ્રશ્નોના ઉત્તરો મેં ક્રમે ક્રમે શાંતિથી આપવા માંડ્યાં, તે સાંભળીને તેમને આનંદ થયો. મેં એમને કહેવા માંડ્યું, મારો વૈરાગ્ય સાચો અને ચોક્કસ વિકાસના પરિણામરૂપ છે. તેની પાછળ કોઈ ઊર્મિ, ગાંડપણ, મગજની નબળાઈ કે ઘેલછા નથી. સ્ત્રી માત્રમાં જગદંબાની ઝાંખી કરવાની મેં ટેવ પાડી છે એટલે મને કામવાસના થતી નથી ને લગ્ન કરવાની જરૂર નથી જણાતી. મને શ્રદ્ધા છે કે જો હિમાલયના શાંત અને સુંદર વાતાવરણમાં રહેવા મળે તો વધારેમાં વધારે છ મહિનામાં મને પરમાત્માનો સાક્ષાત્કાર થઈ શકે ને શાંતિ મળે. તેના વિના મને ચેન પડતું નથી, માટે જ મેં તમને બનતી મદદ કરવાની વિનંતી કરી છે.

થોડીવાર શ્વાસ ખાઈ મેં સ્વામીજી તરફ જોયું તો મારા આશ્ચર્યનો પાર રહ્યો નહીં એમની આંખમાંથી આંસુની ધારા વહેવા લાગી અને મુખ પર કરુણાની લાગણી ફરી વળી. મારે માટે એ બીજા અખંડાનંદનું તેમના સ્વરૂપનું દર્શન હતું. તે બોલ્યા, "તમારું સદ્ભાગ્ય છે કે આટલી નાની ઉંમરમાં તમને આવા સુંદર વિચારો સૂઝે છે. બાકી અમારું જીવન તો આજ સુધી એમને એમ વહી ગયું."

એ શબ્દોમાં એમના નવા જ સ્વરૂપનું દર્શન થયું. તેમનું પ્રેમ ને ભક્તિથી ભરેલું હૃદય પ્રગટ થયું. જે મહાપુરુષે ગુજરાતના લાખો લોકોને ઉત્તમ સંસ્કાર સાહિત્યનો વારસો આપ્યો અને નિઃસ્વાર્થ વૃત્તિથી જીવનને કર્મયોગમાં ખર્ચી નાખ્યું,

સમય અને સંજોગો સાનુકૂળ હોવા છતાં જે શ્રી સંપત્તિની મોહિનીથી સદા દૂર રહ્યા અને લોકસંગ્રહને માટે ઈશ્વરના જ મહાન અસરકારક હથિયારરૂપ બન્યા; તે મહાપુરુષનું જીવન એમને એમ વહી ગયું કેમ કહેવાય ? તેમનું જીવન તો સાચા અર્થમાં ધન્ય ને ઉપકારક બની ગયું. છતાં પણ તે મહાપુરુષ પોતાનું જીવન એમને એમ વહી ગયું એમ કહે છે તો તે તેમની નમ્રતા છે.

થોડાક વખત સુધી અમે ધાર્મિક વાતો કરતા રહ્યા. પછી તેમણે તેમના ટેબલ પર પડેલી શ્રીકૃષ્ણની સુંદર મૂર્તિ હતી તે તરફ આંગળી કરીને મને પૂછ્યું ‘ આ મૂર્તિ કેવી છે ? ’ મેં કહ્યું કે સુંદર છે. ‘ તો પછી એ મૂર્તિ તમે લઈ લ્યો. મારા આશ્ચર્ય વચ્ચે તેમણે તદ્દન નવો પ્રસ્તાવ મૂક્યો. મેં ના પાડી પણ તેમણે તો પોતાનો આગ્રહ ચાલુ જ રાખ્યો. એટલે વધારે વિરોધ કરવાનું છોડી દઈને તેમણે મારી પાસે લાવી મૂકેલી મૂર્તિને મેં લઈ લીધી. થોડીવાર પછી એ જ રીતે બીજી મૂર્તિ પણ મારે લેવી પડી. એટલીવારમાં સાંજનો વખત થઈ ગયો એટલે મને તેમની સાથે ફરવા આવવા કહ્યું. પાછા ફર્યા પછી તેમણે મને ભોજનનું પૂછ્યું. ઉત્તરમાં મેં કહ્યું કે વધારે ભાગે હું એક ટંક જ જમું છું. રાતે ભોજન ન કરવાથી પેટ હલકું રહે છે ને સાધનભજન કરવામાં મુશ્કેલી નથી પડતી. મારા શબ્દો સાંભળી તેમને આનંદ થયો.

રાત પડી ચૂકી હતી. આસો મહિનાની શરૂઆતનો સમય હતો એટલે ઠંડક પણ ઠીક ઠીક હતી. પણ તેમને ઊંઘવા કે મને ઊંઘવા દેવાની ઇચ્છા હોય તેમ લાગ્યું નહીં. તેમણે પૂછ્યું ‘ તમને ભજન ગાતાં આવડે છે, ખરું ? ’



મેં કહ્યું : ‘ બહુ સારું તો નહીં. સાધારણ જેવું આવડે. પણ ભજન અને ગીતો મને ઘણાં જ ગમે છે.

ભજનનાં મોટા પુસ્તકને મારા હાથમાં મૂકીને તેમણે કહ્યું, ‘આમાંથી છૂટાં છવાયાં ભજનો સંભળાવો. ’

તેમની સૂચના મુજબ મેં ભજન ગાવાની શરૂઆત કરી, એક પૂરું થાય એટલે બીજું ને પછી ત્રીજું, એમ ભજનનો ક્રમ ચાલ્યા કરે. વચ્ચે બંધ કરું કે તરત બોલી ઊઠે કેમ અટકી ગયા ? આમ ભજન ગાવાનું ચાલ્યું. છેવટે પ્રેમપૂર્વક તેમણે કહ્યું: ‘ સવારે તમારે મારી સાથે અમદાવાદ આવવાનું છે. અત્યારે બે વાગ્યા છે. ચાર વાગે મેલ માટે તૈયાર થઈ જવાનું છે. હવે આરામ કરો. ’

ઓરડીની બહાર ગેલેરીમાં મારે સૂવાનું હતું. થોડા જ વખતમાં મને ઊંઘ આવી ગઈ.

સવારે ચાર વાગે ઊઠીને મુંબઈથી આવતો મેલ પકડયો. ડબ્બામાં અમારા બે સિવાય કોઈ ન હતું. ગાડી ઊપડી કે તેમણે ભજન ગાવાની આજ્ઞા કરી. માણસ વહેલી સવારે ભજનો બોલે છે, પ્રભાતમાં ગાય છે, ધૂન બોલે છે ને બોલાવે છે. પણ મારા મનનું બંધારણ જરાક જુદું છે. એટલે વહેલી સવારે મને મૂક રહેવાનું ને મનોમન પ્રભુસ્મરણ કે ધ્યાનાદિ કરવાનું ગમે છે, એટલે સુધી કે સવારે ચાર કે પાંચ વાગે થતી સમૂહ પ્રાર્થના ને સમૂહ કિર્તનની પ્રવૃત્તિ પણ મારા મનને આકર્ષી શકતી નથી. સમૂહમાં આવી પ્રવૃત્તિ કરવાની જરૂર હોય તો પણ સવારે છેક સાતેક વાગ્યા સુધી મને તેમાં ભાગ લેવાનું ગમતું નથી. તે સોનેરી સમય છે. તે

નિરર્થક વહી જાય નહીં કે બરબાદ ન થાય તે જોવાનું છે. સ્વામીજીએ તે સમય દરમ્યાન મારી પાસે ભજન ન ગવડાવીને તે વાતની સત્યતાની જાણે કે પ્રતીતિ કરાવી.

( ક્રમશઃ )

" કૂવામાંથી કાઢેલું પાણી ચાળણીમાં લઈને ઘેર લાવી શકાય તોજ અભિમાન પૂર્વક કરેલા સત્કર્મના પુણ્યથી ભગવાન ને ઘેર પહોચી શકાય."

—ડોંગરેજ મહારાજ



# નિર્ભય યોગ

(ગતાંકથી ચાલુ)

સંત શ્રી આશારામજી

**એક રાજાની કથાઃ—**

જગતનો કોઈ રાજા બધાં કાર્યો પૂરાં કરીને નથી મર્યો.

રાજા રહૂગણે ખૂબ રાજ્ય ભોગવ્યું, પણ સુખ ક્યાં ? કેમ કે જીવનનું મહત્ત્વપૂર્ણ કાર્ય અધૂરું પડયું હતું. બહારથી દેખાતું કે રાજા છે, ઘણો સુખી છે, પરંતુ એ દુઃખી હતો. કોઈએ કહ્યું કે કોઈ તત્ત્વજ્ઞાની અલમસ્ત ફકીર પાસે જાઓ, એમના માર્ગદર્શન નીચે ચાલો, પછી તમારાં બધાં કાર્યો પૂરાં થઈ જશે. ત્યારે જ તમે પૂર્ણ સુખી થઈ શકશો.

રહૂગણ ચાલી નીકળ્યો એક પાલખીમાં બેસીને કોઈ આત્મવેત્તા મહાપુરુષની શોધમાં પાલખી ઉપાડનારા ચાર માણસોમાંથી એક માણસ રસ્તામાં બીમાર પડી ગયો. એની જગ્યાએ પાલખી કોણ ઉપાડે ? બાકીના ત્રણ જણા ગયા અને એક માણસને શોધી લાવ્યા એ હતા જડભરત. બહારથી એમનો વ્યવહાર જડ જેવો હતો, પરંતુ અંદરથી પૂરા સજાગ હતા. પેલા લોકોએ તો એમને પાલખીમાં જોતરી દીધા.

પાલખી આગળ ચાલી જમીન પર જ્યાં કીડી મંકોડા દેખાતા ત્યાં તેમને બચાવવા જડભરત કૂદી જતા. એમના કૂદવાથી પાલખી હાલી ઊઠતી અને રાજાનું માથું પાલખીની છત સાથે અથડાતું. રાજા તો રાજા હતો. એ જડભરતને ધમકાવીને કહેતોઃ " અરે, તું જાણતો નથી કે હું કોણ છું? બરાબર કેમ નથી ચાલતો ? હવે જો બરાબર નહિ ચાલે તો

નીચે ઊતરીને એવો મારીશ કે તારી શાન ઠેકાણે આવી જશે."

જડભરત કેટલીય વાર કૂદ્યા અને રાજાએ કેટલીય વાર એમને મારવાની ધમકી આપી. જડભરત તો જ્ઞાની મહાપુરુષ, એમણે જોયું કે રાજા પોતાના વ્યવહારથી પાપ ભેગું કરી રહ્યો છે. મારા ખભે ચડીને એ અહીં સુધી આવ્યો છે, એનું અકલ્યાણ થાય એ ઠીક નહિ. આથી તેઓ બોલી ઊઠ્યા :

" રાજન્ ! પાલખીમાં બેઠેલું એક માટીનું પૂતળું પગે ચાલતા બીજા માટીનાં પૂતળાંને મારશે તો મારું શું બગડશે ? આત્માનું ક્યારેય કશું નથી બનતું કે નથી બગડતું. રાજાપણું, પ્રજાપણું, સ્વામીપણું, આધિ–વ્યાધિ, ભૂખ-તરસ, પ્રેમ–કલહ, રાગ–દ્વેષ, માન–અપમાન એ બધા ધર્મો દેહાભિમાનના કારણે ઉત્પન્ન થનારા જીવમાં રહે છે. મારામાં એ લેશમાત્ર નથી. હું જડ સમાન લાગું છું પણ મત્ત–ઉન્મત્ત પોતાની આત્મમસ્તીમાં જ રહું છું. "

જડભરતમાં આ જ્ઞાનપૂર્ણ વચનો સાંભળીને રાજા ચોંક્યો. તે સમજી ગયો કે આ જ્ઞાની માહાત્મા ઓળખી શકાયા નથી અને બહારથી અજ્ઞાની પ્રમાદી જેવો એમનો વ્યવહાર જોઈને થાપ ખાઈ ગયો છું. રાજા તરત પાલખીમાંથી કૂદીને નીચે ઊતર્યો અને ક્ષમા માગતાં કહેવા લાગ્યો :

" ભગવન્ ! હું મારા રાજાપણાના અહંકારમાં મદમત્ત હોવાના કારણે આપ જેવા જ્ઞાની મહાત્માને ઓળખી ન શક્યો. આપ જેવા મહાપુરુષની શોધમાં જ હું જઈ રહ્યો હતો. મારી અક્ષમ્ય ભૂલોને ક્ષમા કરો અને કંઈ જ્ઞાનામૃતનું પાન કરવો. "

જડભરતે રાજાને જ્ઞાનોપદેશ આપ્યો ને છેવટે બોલ્યા : " હે રાજન્ ! જ્ઞાની મહાપુરુષોનાં ચરણોની ધૂળમાં પોતાને



નવડાવ્યા વિના માત્ર તપ, યજ્ઞ, દાન, અતિથિસેવા, વેદાધ્યયન કે દેવતાઓની ઉપાસના વગેરે કોઈ પણ સાધનથી આ પરમાત્મજ્ઞાન પ્રાપ્ત થઈ શકતું નથી. "

રાજા થવાથી નિર્ભયતા નથી આવતી, નેતા થવાથી નિર્ભયતા નથી આવતી, પૈસા હોવાથી નિર્ભયતા નથી આવતી, ઘણા લોકો આપણને માનવા લાગે તેથી નિર્ભયતા નથી આવતી, અસ્ત્રશસ્ત્રોથી સુસજ્જિત થવાથી પણ નિર્ભયતા નથી આવતી. નિર્ભયતા તો અંદરની સ્થિતિ છે. જેઓ અંદરથી નિર્ભય થઈ ચૂક્યા છે એવા તત્ત્વવેત્તા મહાપુરુષોનો સંગ કરવાથી, એમનું સાંનિધ્ય સેવવાથી નિર્ભયતા આવે છે.

રાજા રહૂગણ પણ નિર્ભય ન હતો, જ્યારે જડભરત, પોતાની પાસે કશું જ ન હોવા છતાં નિર્ભય હતા. પોતાના દેહાધ્યાસને જેમણે અંદરથી નષ્ટ કરી દીધો છે અને પોતાના આત્મસ્વરૂપમાં નિઃશંકપણે નિષ્ઠાવાન થઈ ચૂક્યા છે એવા જડભરત જેવા મસ્ત ફકીરો જ પરમ નિર્ભય છે.

### જીવનની સૌથી મોટી ઉપલબ્ધિ

માનવ જીવનની સૌથી મોટી ઉપલબ્ધિ કઇ છે ? જો એક શબ્દમાં કહેવું હોય તો 'પરમ નિર્ભયતા' બાકીની બધી જ ઉપલબ્ધિઓ નહિવત્ છે. યાદ રાખો, આત્મસ્વરૂપને જાણીને જે પરમ નિર્ભય થઈ જાય તેના માટે પછી બીજી કોઈ પ્રકારની ઉપલબ્ધિ કરવી શેષ નથી રહેતી. એવા મસ્ત બાબાના દર્શન માત્રથી, આશીર્વાદ માત્રથી સંસારના લોકોને મનોવાંછિત ઉપલબ્ધિઓ પ્રાપ્ત થવા લાગે છે.

પરમ નિર્ભયતાને 'ઉપલબ્ધિ' કહેવી એ પણ ઠીક નથી, કેમ કે એ કંઈ બહારથી નથી આવતી, અંદરથી જ પ્રગટ

થાય છે. શરત એટલી કે કોઇ પરમ નિર્ભય મહાપુરુષનો સંગ મળી જાય અને આપણે એમની કૃપાદૃષ્ટિના પાત્ર બની જઈએ.

### નિર્ભયતા અંદરની ચીજ છે

જ્ઞાની મહાપુરુષ જ સાચા ફકીર હોય છે. તેઓ જ પરમ નિર્ભય હોય છે. તલવાર કે બંદૂક રાખનારા નિર્ભય જ હોતા હશે એવી ભ્રાંતિમાં ન પડશો. નિર્ભયતા અંદરની ચીજ છે (ક્રમશઃ)

"વધુ હોય તેની પાસેથી લઈને જેની પાસે પૂરતું ન હોય તેને આપવું એ ઇશ્વરી રીત છે. પરંતુ માણસનું તેનાથી ઉલટું છે. તે જેની પાસે ઓછું હોય તેની પાસેથી લઈને જેની પાસે પુષ્કળ હોય તેના ચરણોમાં ભેટ ધરે છે."

—અજ્ઞાત



# ભાગવત સુધા

પ્રા. જનાર્દન દવે

ભગવાન, જીવ અને જગતના સંબંધ વિષે વિચાર કરે તે અધ્યાત્મશાસ્ત્ર કહેવાય છે. શ્રીમદ્ ભાગવત અધ્યાત્મનો અદ્ભુત ગ્રંથ છે. ખરેખર તો શ્રીમદ્ ભાગવતના સપ્તાહ માટે કરાતા જ્ઞાનયજ્ઞમાં આ સાત પ્રશ્નોનું સમાધાન ક્રમશઃ થવું જોઈએ.

(૧) જગત શું છે? તેમાં આપણી સ્થિતિ શા માટે છે? આ સ્થિતિ યોગ્ય છે કે નહિ?

(૨) આપણે કોણ છીએ? અર્થાત્ જીવ એટલે શું? શું આપણે દેહ છીએ? ઇંદ્રિયોનો સંઘાત છીએ? અંતઃકરણ ચતુષ્ટય છીએ? આપણું સ્વરૂપ શું છે? આપણે જેવા છીએ તેવા સ્વરૂપનો આપણને અનુભવ થાય છે ખરો? શા માટે નથી થતો?

(૩) જીવ અને જગત વચ્ચે શો સંબંધ છે? જીવો જગતમાં શી રીતે રહે છે? શી રીતે રહેવું જોઈએ?

(૪) જીવ અને ઈશ્વર વચ્ચે શો સંબંધ છે? આ સંબંધ આપણને શા માટે અનુભવવામાં આવતો નથી? ક્યારે અનુભવાય?

(૫) ઈશ્વરતત્ત્વ શું છે? તેના એકથી વધુ સ્વરૂપો સંભવે ખરાં? નિર્ગુણ અને સગુણ એટલે શું? શું આ બન્ને વચ્ચે વિશિષ્ટ અંતર છે ખરું?

( ૬ ) આપણે પરમાત્મદર્શન કરવા શું કરવું જોઈએ ? આ દર્શન માત્ર દર્શન જ છે કે કંઈક અનુભૂતિ ? આ અનુભૂતિ સતત ટકી રહે તે માટે કયો ઉપાય છે ?

( ૭ ) કર્મ, ભક્તિ અને જ્ઞાન એટલે શું ? આ ત્રણે વચ્ચે અનુબંધ છે કે વિરોધ ? આ ત્રણે એકમેકની વિના રહી શકે ખરાં ? કર્મવડે ભક્તિવડે, અને જ્ઞાનવડે શું એક જ ફલ મળે છે કે જુદાં જુદાં ?

આ સાત પ્રશ્નોનો સુંદર અને તે પણ મધુર રીતે જવાબ આપે તે ભાગવત. સંસ્કૃતમાં ભાગવત શબ્દને વિદ્વાનો આમ સમજાવે છે: (૧) भगवतः इदम् तद् भागवतम् ભગવાનનું આ શાસ્ત્ર તે ભાગવત. આ પદ્ધતિમાં આ શાસ્ત્ર ભગવાનનું વાઙ્મય રૂપ છે એવો અર્થ પણ થાય છે અને ભગવાન સંબંધી જે કંઈ પણ જરૂરી છે–જેમકે ભગવાનનું નામ, તેમનું ધામ, તેમની લીલા, તેમનું ધ્યાન, તેમનું સ્વરૂપ આ બધું વર્ણવેલું છે, માટે આ શાસ્ત્ર भगवतः इदम् છે.

( ૨ ) भगवतः अयम् स भागवतः અહીં ભગવાનનો જન તે ભાગવત–એવો અર્થ થયો. ભગવદીય સંતો કેવા હોય તે કેવું જીવન જીવે છે ? તેમનું અનુસરણ શા માટે કરવું ? કેમ કરવું તે બતાવે છે. શ્રીમદ્ ભાગવતમાં નારદ, વ્યાસ, ધ્રુવ, પ્રહ્લાદ, પૃથુ, ઋષભદેવ, શિવજી, અંબરીષ, ભરત, ગોપીજનો આવા અસંખ્ય પરમ ભાગવત સંતોનાં ચરિત્રો છે.

( ૩ ) આ બન્ને ઉપરાંત એક વિદ્વાને વળી ત્રીજો અર્થ પણ આપ્યો છે: भगवान च भगवन्तश्च यत्र रमन्ते तद् भागवतम् જેના શ્લોકે શ્લોકે ભગવાન પોતે, ભગવંતશ્ચ



પહેલીવાર લઈને ભગવાનના વિવિધ અવતારે અને બીજીવાર ભગવંતશ્ચ લઈને ભગવદીય સંતો રમે છે તેવું શાસ્ત્ર તે ભાગવત એવો અર્થ કર્યો.

આ ત્રણે અર્થો બતાવતાં શ્રીમદ્ ભાગવતના પ્રથમ સ્કંધના પહેલા અધ્યાયના બીજા શ્લોકમાં જ ભગવાન વ્યાસ બોલ્યા છે:

> धर्म. प्रोज्झितकैतवोऽत्र परमो निर्मत्सराणां सतां
> वेद्यं वास्तवमत्रवस्तु शिवदं तापत्रयोन्मूलनम् ।
> श्रीमद्भागवते महामुनिकृते किं वा परैरीश्वरः
> सद्यो हृद्यवरुध्यतेऽत्र कृतिभिः शुश्रुभिस्तत्क्षणात् ॥

આ શ્લોકમાં ચતુષ્ટય વર્ણવ્યા છે. (૧) આ શાસ્ત્રમાં મત્સરરહિત સંતોનો નિશ્છલધર્મ વર્ણવેલ છે. (૨) આ શાસ્ત્રનું પ્રતિપાદ્ય તત્ત્વ પરમ સત્ય, કલ્યાણદાયી અને ત્રિતાપનો નાશ કરનાર છે. (૩) તેના રચયિતા મહામહર્ષિ વેદવ્યાસ છે. (૪) આ શાસ્ત્રના શ્રવણની ઇચ્છા થતાં અને શ્રવણ સાથે નિત્ય તેનું સેવન થતાં જીવન ભગવાનમય થતાં તુરત જ હૃદયમાં ઈશ્વરનું દર્શન થાય છે. આ ચારેને અનુબંધ ચતુષ્ટય કહે છે. આ અનુબંધ ચતુષ્ટય દ્વારા આગળ દર્શાવેલા સાતે પ્રશ્નોના ઉત્તરો અથવા સમાધાન પ્રાપ્ત થાય છે.

# શ્રી શંભુચરણ મલ્લિકનો પરિચય અને મોટાભાઈ રામેશ્વરનો સ્વર્ગવાસ.

નારાયણ હ. જાની

શ્રી રામકૃષ્ણ પરમહંસને શ્રી. શંભુચરણ મલ્લિકનો પરિચય ૧૮૭૪ના વર્ષમાં થયો. તેઓ ખૂબ ઉદાર સ્વભાવના હતા. એટલું જ નહિ, પરંતુ શ્રી મથુરબાબુ પછી બીજા નંબરે પરમહંસદેવની ભૌતિક જરૂરિયાતો અને ઇચ્છાઓ પૂરી કરવામાં હંમેશ ઉત્સુક રહેતા.

વિવિધ ધર્મશાસ્ત્રોના પ્રખર અભ્યાસુ તરીકે શ્રી શંભુચરણ જાણીતા હતા. ખ્રિસ્તી ધર્મના પુસ્તક બાઈબલનો શ્રી રામકૃષ્ણદેવને પ્રથમ પરિચય કરાવનાર તેઓ જ હતા. નઝેરાથના જિસસ–જેને હિન્દુઓ ઈશુ તરીકે ઓળખતા, તેમના વિષેની વાતો તેઓ શ્રી રામકૃષ્ણદેવ સમક્ષ કરતા. આમ ભગવાન જિસસ ક્રાઈસ્ટ વિષેની વાતો સાંભળીને, શ્રી રામકૃષ્ણદેવને તેઓના વિચારો આવવા લાગ્યા. એટલું જ નહિ, પરંતુ તેમનું મન એમના વિચારો ને ભાવોમાં ડૂબેલું રહેવા લાગ્યું.

શ્રી રામકૃષ્ણદેવ ઘણીવાર, દક્ષિણેશ્વર મંદિરના મેદાનની દક્ષિણ દિશામાં આવેલા બગીચાવાળા ઘર તરફ લટારો મારતા, ને કદીક ત્યાં આરામ પણ કરતા. આ ઘરની પરસાળના ભાગમાં અનેક ધાર્મિક પુરુષોના ફોટાઓ ટીંગાડેલા હતા; તેમાં કુંવારી માતા મેરીના ખોળામાં બેઠેલા જિસસનું ચિત્ર પણ હતું. શ્રી રામકૃષ્ણદેવને આ ચિત્ર ખાસ ગમતું.



એક વખત જ્યારે તેઓ આ ફોટા સામે દૃષ્ટિપાત કરી રહ્યા હતા ત્યારે એમને લાગ્યું કે માતા મેરી અને જિસસની ફોટામાંની આકૃતિઓ એકદમ પ્રકાશિત થઈ રહી છે. વળી તેઓમાંથી નીકળતાં પ્રકાશનાં કિરણો એમના હૃદયમાં પ્રવેશી રહ્યાં છે. આમ બનતાં જ, એમના મનના ભાવોમાં એકદમ ભારે પરિવર્તન આવી ગયાનો એમને અનુભવ થવા લાગ્યો. અગાઉ શ્રી ગોવિંદ રોય દ્વારા ઈસ્લામની દીક્ષા મળતાં, એમનામાં જે પ્રકારનું પરિવર્તન આવેલું, એવો જ કોઈ અનુભવ તેઓ કરી રહ્યા. એના પરિણામે, એક હિંદુ તરીકેએ એમની વિચારસરણિ જાણે કે પશ્ચાત્‌ભૂમિકામાં ધકેલાઈ ગઈ, તે સાથે સાથે હિંદુ દેવદેવીઓ પ્રત્યેનો એમનો પૂજ્યભાવ પણ થોડો શિથિલ થઈ ગયો. એને બદલે ખ્રિસ્તી ધર્મ અને જિસસ ક્રાઈસ્ટ પ્રત્યેના પ્રેમના ભાવોથી એમનું હૃદય ઊભરાવા લાગ્યું. એમણે મા કાળીને બૂમ પાડીને કહ્યું: “હે મા, તું મારામાં આ કેવા વિચિત્ર ફેરફારો આણી રહી છે!” પરંતુ આ પ્રાર્થના છતાંય એમની સ્થિતિમાં કોઈ ફેરફાર ન પડ્યો. હવે એમને ખ્રિસ્તી દેવળોમાં ભગવાન જિસસની પ્રતિમા સમક્ષ ધૂપ સળગાવતા અને મીણબત્તીઓ વડે આરતી ઉતારતા ખ્રિસ્તી સંતોનાં દશ્યો દેખાવા લાગ્યાં. એમની પ્રાર્થનાઓની અસર પણ એ અનુભવવા લાગ્યા. આવા અનુભવોની તીવ્ર અસર સાથે જ શ્રી રામકૃષ્ણદેવ દક્ષિણેશ્વરમાં પાછા ફર્યા. અને સતત ત્રણ દિવસ સુધી તેઓ એકવારપણ મહાકાળીને પ્રણામ કરવા ગયા નહિ.

આખરે, ત્રીજા દિવસની રાતે સંધ્યાના સમયે, જ્યારે તેઓ પંચવટીમાં લટાર મારી રહ્યા હતા ત્યારે, તેઓએ એક ઊંચા ભવ્ય ને સુંદર ચહેરાવાળા માણસને પોતાની તરફ

આવતો જોયો એ એમ માનીને આવતો હતો કે જાણે શ્રી રામકૃષ્ણ સ્થિર અચળ પ્રતિમા સમા છે.

એમને જોતાં જ શ્રી રામકૃષ્ણદેવને એકદમ લાગ્યું કે એ કોઈ પરદેશી છે. અસાધારણ પ્રકાશવાળી એની મોટી આંખો હતી એનો ચહેરો સુંદર ને પ્રભાવશાળી હતો, જો કે એની નાસિકાનો અગ્રભાગ થોડો પહોળો ને ચપટો હતો. સૌ પ્રથમ તો શ્રી રામકૃષ્ણદેવને થયું કે આ અજાણ્યો ભવ્ય પુરુષ કોણ હશે ?

ત્યાં જ તેઓને અંતઃસ્ફૂરણા થઈ કે "ભગવાનના પ્યારા પુત્ર મહાન યોગી એવા એ જિસસ ક્રાઇસ્ટ છે. જેમણે પોતાના પિતા પરમાત્મા સાથે એકતા અનુભવી હતી ને મનુષ્ય જાતિના કલ્યાણ ખાતર જેમણે પોતાનું લોહી વહાવ્યું હતું." પછી જિસસે શ્રી રામકૃષ્ણને આલિંગનમાં લીધા અને એમના શરીરમાં પ્રવેશી ગયા ! તે દિવસથી શ્રી રામકૃષ્ણદેવને પ્રતીતિ થઇ ગઈ કે જિસસ ક્રાઈસ્ટ પણ ખરેખર ભગવાનના અવતાર હતા.

શ્રી રામકૃષ્ણદેવના મોટાભાઈ, શ્રી રામેશ્વરનો સને ૧૮૭૩-ના ઓકટોબરમાં ટાઈફોઈડ તાવની બિમારીથી કામારપુકૂરમાં સ્વર્ગવાસ થયો. તે પહેલાં થોડા દિવસ અગાઉ જ શ્રી શારદામાં કામારપુકૂરથી દક્ષિણેશ્વર આવેલાં. મૃત્યુ સમયે શ્રી રામેશ્વરનું વય અડતાલીસ વર્ષનું હતું.

શ્રી રામેશ્વરનો સ્વભાવ ઉદાર ને બેફિકરો હતો. જ્યારે પણ કોઇ સાધુ સંન્યાસી ભિક્ષા માટે એમને ઘેર આવતા, ત્યારે એમને જોઈતી ગમે તે ચીજ ઘરમાંથી આપી દેતાં તે



જરા પણ અચકાતા નહિ, પછી એમને પોતાને કે કુટુમ્બનાં માણસોને એના વિના ભલેને ગમે તેટલી અગવડ પડવાની થાય ! તેઓ આ રીતે કેટલીયવાર રાંધવાનાં વાસણો, પાણી-ના ઘડા, ગરમ ધાબળા કે ગોદડાં આપી દેતા.

શ્રી અક્ષયના મૃત્યુ પછી, શ્રી રામેશ્વરની નિયુક્તિ રાધા-કાન્તના મંદિરમાં પૂજારી તરીકે થઈ હતી. આમ છતાં, કેટલીક કૌટુમ્બિક જવાબદારીઓને કારણે એમને અવારનવાર કામારપુકૂર જવાનું થતું, ત્યારે તેઓ કોઈ બીજા પૂજારીને પોતાનું કામ સોંપીને જતા. આ વખતે શ્રી રામેશ્વર જ્યારે દક્ષિણેશ્વરથી કામારપુકૂર છેલ્લીવાર જવાને તૈયાર થયા, ત્યારે શ્રી રામકૃષ્ણદેવ અર્ધચેતનાત્મક ભાવસમાધિમાં હતા. એમણે શ્રી રામેશ્વરને કહ્યું, શું તમે ઘેર જઈ રહ્યા છો ? ભલે, પરંતુ તમારી પત્ની સાથે સહગમન ન કરતા. જો એમ કરશો તો પછી તમારું આયુષ્ય વધારે લાંબુ નહિ ટકે."

બન્યું પણ એવું જ કે કામારપુકૂર આવતાં જ શ્રી રામે-શ્વર માંદા પડયા. તેમ જ શ્રી રામકૃષ્ણદેવે આપેલી ચેત-વણીની પણ અવગણના કરી. આ વાતની જ્યારે શ્રી રામ-કૃષ્ણને જાણ થઈ ત્યારે તેઓએ શ્રી હૃદયને કહ્યું, "હવે મને ભય છે કે તેઓ એમનું જીવન નહિ બચાવી શકે."

શ્રી રામેશ્વરને પણ પોતાના મૃત્યુ પહેલાના ચાર પાંચ દિવસ અગાઉ એની આગાહી થયેલી, આથી એણે પોતાનાં સગાસંબંધીઓને તેની જાણ કરી દીધી. એટલું જ નહિ, પરંતુ પોતાના અગ્નિસંસ્કારના સ્થળની જાતે જ વ્યવસ્થા કરાવી. પોતાના ઘરની સામે આવેલા આંબાના ઝાડને કપાતું જોઈને એ બોલી ઊઠયા, "આ કેવું સરસ ! મારા અગ્નિ-

સંસ્કાર માટેના લાકડાં અહીંથી મળી રહેશે." મૃત્યુની અંતિમ ક્ષણ-જ્યાં સુધી ભાન હતું ત્યાં સુધી, તેઓ ભગવાન રામનું રટણ કરતા રહ્યા. તે પછી થોડા સમયમાં જ એમનું મૃત્યુ થયું. મધ્યરાત્રિ પહેલાં થોડા સમયે તેમણે દેહ છોડ્યો. એમની સૂચના પ્રમાણે એમનો અગ્નિસંસ્કાર સ્મશાનભૂમિમાં નહિ, પરંતુ તેની બાજુમાંથી પસાર થતા માર્ગ ઉપર કરવાનો હતો. એમને જ્યારે આ માટે પૂછવામાં આવતાં એમણે કહેલું કે જો મારો અગ્નિસંસ્કાર માર્ગ ઉપર થાય તો કેટલાય પવિત્ર મહાપુરુષોનાં ચરણો એના ઉપર પડે. એમની ચરણ-ધૂલિ પામીને હું ખરેખર ધન્ય થઈ જાઉં." પાછળથી શ્રી રામેશ્વરના પુત્ર શ્રી રામલાલ એમનાં અસ્થિ અવશેષો કલકત્તા લાવ્યો ને એમને પવિત્ર ગંગામાં પધરાવ્યાં. આ રામલાલની નિયુક્તિ પિતાની જગાએ રાધાકાન્ત મંદિરના પૂજારી તરીકે થઈ.

શ્રી રામેશ્વરના મૃત્યુના સમાચાર શ્રી રામકૃષ્ણને દક્ષિણેશ્વર પહોંચ્યા ત્યારે મા ચંદ્રાદેવીને આ સમાચાર કેવી રીતે આપવા તેની મૂંઝવણ શ્રી રામકૃષ્ણને થઈ! એમને ભય લાગ્યો કે આ સમાચાર સાંભળી માનું હૃદય કેવો ભારે આઘાત અનુભવશે! આથી તેઓ માની પાસે જતાં પહેલાં મા જગદંબાના મંદિરમાં આવ્યા ને તેને પ્રાર્થના કરવા લાગ્યા કે "હે મા, તું મા ચંદ્રમણિનો શોક ઓછો થાય ને આઘાત ન લાગે તેવી કૃપા કરજે"

આ પછી તેઓ આંખમાં આંસુ સાથે સંગીત ટાવર તરફ માને આ દુઃખદ સમાચાર આપવા ગયા.

પાછળથી શ્રી રામકૃષ્ણ કહેતા "મને ભય હતો કે રામેશ્વરના મૃત્યુના સમાચાર સાંભળતાં જ મા બેભાન બની



જશે. ને પછી તેના જીવનને આ આઘાતના દુઃખમાંથી બચાવવું મુશ્કેલ બનશે. પરંતુ મા જગદંબાની કૃપાથી ઊલટું જ બન્યું.

માએ શ્રી રામેશ્વરના મૃત્યુના સમાચાર સાંભળી દુઃખ ને શોકની લાગણી પ્રદર્શિત કરી. પરંતુ પછી તેઓ મને આશ્વાસન આપવા માંડયાં. તેમણે મને કહ્યું, "ભાઈ, આ દુનિયા ક્ષણભંગુર છે. દરેકે કોક ને કોક દિવસ, વહેલાં કે મોડાં મરવાનું તો છે જ, પછી શોક કરવાથી શો ફાયદો ?-વગેરે વગેરે."

આ સાંભળી મને એમ લાગ્યું કે મા જગદંબાએ, મા ચંદ્રમણિને આટલો મોટો આઘાત સહન કરવા માટે એકદમ ઉચ્ચ આત્મિક સ્થિતિ પર મૂકી દીધાં કે સંગીતના સુરીલા વાદ્યના તંતુને તેની શક્તિ સુધી ખેંચીને સખત કરવામાં ન આવ્યો હોય! આથી જ આવા ભારે દુન્યવી શોકની અસરથી તેઓ મુક્ત રહી શકયાં! આ જોઈને મેં મા જગદંબાનો ખૂબ ખૂબ આભાર માન્યો. તે પછી મા ચંદ્રમણિ વિષે મને કોઈ ચિન્તા રહી નહિ.

(ક્રિસ્ટોફર ઈશરવુડના આધારે)

"જો તમે તમારા અંતર આત્માના અવાજને ઓળખી શકશો. તો તમારે આ દુનિયાની બીજી કોઈ શકિત ને ઓળખવાની જરૂર નહિ રહે"

—સ્વામી વિવેકાનંદ

# અમૃતમય સ્પર્શ

(ગતાંકથી ચાલુ)

શ્રી ભૂપેન્દ્ર ત્રિવેદી

શિષ્ય પોતાના અપ્રતિમ પ્રેમ, નિષ્ઠા અને ભક્તિ દ્વારા પોતાના સ્થૂળ શરીરના પ્રત્યેક કોષને ગુરુના પ્રાણુતત્ત્વ સાથે એકાકાર કરવાની લગન રાખતો હોય છે. ગુરુ સાથેની પોતાની ઐક્યતા સિવાય પોતાનું શિષ્યત્વ જ એને નિરર્થક લાગે છે.

શિષ્યનો ભાવ તો જૂઓ! એ કહે છે. नास्ति तत्त्वं गुरुः परम्! ગુરુથી શ્રેષ્ઠ કંઈ જ નથી. જગતનું કોઈપણ તત્ત્વ ગુરુથી શ્રેષ્ઠ નહિ, એમ કહેનાર શિષ્યનું કોઈપણ પ્રકારનું અહમ્ ગુરુ પાસે રહે જ ક્યાંથી? એ તો મન અને આત્મા વડે માત્ર ગુરુને આરાધવા એમાં જ શ્રેષ્ઠ ધર્મ માને છે. પોતાના પંચમહાભૂતના પાંચે ય તત્ત્વોને ગુરુમાં મેળવી ન લેવાય ત્યાં સુધી શિષ્ય પોતાને અપૂર્ણ જ સમજે છે, શિષ્ય અને ગુરુ એવી બે કોઈ વ્યક્તિ જ રહેતી નથી. આ તન્મયતાની ઉચ્ચ ભૂમિકા જ્યાં હોય ત્યાં સ્પર્શ એનું ચોક્કસ કાર્ય કરે છે. એટલું જ નહિ, એનાથી આગળ જઈને ગુરુ માત્ર પોતાની દૃષ્ટિ ફેંકીને વિચાર પ્રવાહને બદલાવી શકવાને સમર્થ બને છે.

શિષ્ય પોતાની તમામ સ્થૂળ સૂક્ષ્મ પ્રકૃતિતત્ત્વ આત્મા સાથે એક કરીને એ પોતાની જાતમાંથી, શરીરમાંથી મુક્ત થઈને ગુરુનું શરીર ધારણ કરે છે. શિષ્ય પોતે જ ગુરુમય બની જતો હોય છે. શિષ્ય પોતે જ ગુરુમાંથી છૂટો પડેલો એક જીવ છે. એનો એક અંશ છે. આવા શિષ્યમાં ગુરુ તરફથી વહેતા કોઈપણ વિચારના કે સ્પર્શના આંદોલનો શિષ્યનું આમુલ રૂપાંતર કરતા રહે છે.



ચિત્રગુપ્તના ચોપડામાં અંકાયેલા મનુષ્યના કર્મોના લેખાં તો ખુદ ઈશ્વર પણ ભુંસી શકતા નથી, તે માત્ર સંતના સ્પર્શ માત્રથી કંઈ રીતે ભૂંસાય છે, અને વિધાતાની ગતિ પણ અટકી જાય એવું એક સચોટ ઉદાહરણ જોઈએ.

મહાઅવતાર મહાયોગી પૂ. શ્રી બાબાજી એકવાર હિમાલયના એક સ્થળે પોતાની શિષ્યમંડળી સાથે બેઠા હતા. ઘનઘોર રાત હતી. પવિત્ર વૈદિક હવન માટે પ્રજવળેલા અગ્નિની ચારે બાજુ શિષ્યો ગોઠવાઈને બેઠેલા. અગ્નિ ભડભડતો હતો. પૂ. બાબાજીએ એકાએક એ અગ્નિમાંથી એક સળગતું લાકડું બહાર ખેંચી કાઢ્યું અને તેમના એક શિષ્યના ખભાને અડકાડ્યું. આ અગ્નિના સ્પર્શે એ શિષ્યને કેવી યાતના પહોંચાડી હશે! અને લાહરી મહાશયે કહ્યું પણ ખરું કે ગુરુજી! આ કેવું વિચિત્ર? કેવું ઘાતકી?

પૂ. બાબાજીએ કહ્યું-તમે એનાં પાછલા કર્મોના પરિપાક રૂપે તમારી નજર સામે એને અગ્નિકુંડમાં પડીને ભસ્મ થતો જોવા ઇચ્છો છો?

આટલું કહ્યા પછી બાબાજી પેલાના વેદના ભરેલા ને દાઝી ગયેલા ખભા પર પોતાના કરુણા સભર હાથનો સ્પર્શ કરે છેઃ ને કહે છેઃ "આજે મેં તને ભયંકર મૃત્યુના મુખમાંથી ઉગાર્યો છે. અગ્નિની સ્પર્શજન્ય થોડીક વેદનાથી વિધાતાની ગતિ અટકી ગઈ છે.

ભગવાને ગીતામાં કહ્યું છે. बहुनां जन्मनामन्ते ज्ञानवान्मां प्रपद्यते જ્ઞાની પુરુષને પણ અનેક જન્મોના દુર્ગમ પહાડો ઓળંગ્યા પછી જન્મજન્માંતર પછી આ પરમ આનંદની ગતિ પ્રાપ્ત થાય છે. તો જેના પર કૃપા વરસી ગઈ છે એવા શિષ્ય પર ગુરુના એક જ સ્પર્શ માત્રથી એના કર્મ બંધનની બેડીઓ તૂટી જાય છે, અને બ્રહ્માનંદનો અધિકારી બની

જાય છે. આવી જ દીક્ષા વડે ગહનીનાથે નિવૃત્તિનાથને એક જ ક્ષણમાં બ્રહ્મસમાધિનો અનુભવ કરાવેલો. આ જ દીક્ષા વડે રામાનંદજીનો સ્પર્શ થતાં કબીર સાહેબને સહજ–સાધના પ્રાપ્ત થઇ અને શંકરાચાર્યની દૃષ્ટિ માત્રથી જ હસ્તામલકને આત્મસાક્ષાત્કાર થઈ ગયો. શ્રી ગૌરાંગ મહાપ્રભુએ તો નૌરોઝ જેવા ડાકુ અને લક્ષ્મીબાઈ જેવી વેશ્યાને પણ દીક્ષિત કરેલાં અને પ્રભુ પ્રેમની સરવાણીમાં એ સૌને વહેતા મૂકી દીધેલા. એમના સ્પર્શ માત્રથી લોકો પ્રેમોન્મત્ત બની નાચી ઊઠતાં અને ભક્તિની ભાગીરથી વહેવા માંડતી.

યોગવાસિષ્ઠના નિર્વાણ પ્રકરણમાં કહ્યું છે કે;

જેમના દીક્ષારૂપ દર્શન માત્રથી શિષ્યને સ્પર્શ કે મંત્ર ઉપદેશથી પરબ્રહ્મ સાથેની એકાત્મતાનો અનુભવ થાય છે, તે જ ગુરુ છે.

કુલાર્ણવ તંત્રમાં પણ જોઇએ તો–

જેમના સ્પર્શ વડે અંતરમાં પરમ આનંદની અનુભૂતિ થાય તેમને જ બુદ્ધિમાન પુરુષે ગુરુ તરીકે પસંદ કરવા, અન્યને નહિ.

આ નિત્યનૂતના અને સનાતન સત્યવાણીના પડઘા યુગોથી આપણી પુરાણપવિત્ર ધરતી પર પડતા રહ્યા છે. આપણા પુરાણમાં આવા તો અનેક અજોડ પ્રસંગો પડેલા છે. એની પવિત્રતા ને એની ભવ્યતાની કોઈ કિંમત આંકી શકાય એમ નથી. વિશ્વના ઇતિહાસમાં એ જડવા મુશ્કેલ છે.

મત્સ્યગંધાનું રૂપલાવણ્ય ને શીલ ભલભલા ઋષિઓને મોહિત કરી મૂકે એવા હતાં. એમાંય ગંગાનદીના શાંત પ્રવાહમાં એમને સ્નાન કરતાં જોઈને પારાશર મુનિમાં કામ ઉત્પન્ન થયો. નિયતિનું કાર્ય તો હતું વેદવ્યાસને જન્મ આપવાનું. એક બાજુ કૌમાર્ય તો બીજી બાજુ સૂર્યની આભા જેવું તેજસ્વી ઋષિત્વ. પારાશર મુનિ કામ ઇચ્છાને વશ થઈને ગંગામાં ઊતરે છે. સ્નાન કરતા કરતા માત્ર મત્સ્યગંધા તરફ



દૃષ્ટિ ફેંકતા જ એમના વીર્યનું સ્ખલન થઈ જાય છે ને મત્સ્યગંધાને માત્ર પાણીના સ્પર્શ માત્રથી ગર્ભ રહી જાય છે. સ્પર્શજન્ય સંતતિનો આ એક અભૂતપૂર્વ પ્રસંગ છે. નીર ત્યાં સંયોગનું વાહક બને છે ને વેદવ્યાસનો જન્મ થાય છે.

વ્યક્તિની ચેતના જેટલી ઉર્ધ્વ એટલી ઇન્દ્રિયોની શક્તિ વધારે સૂક્ષ્મ અને વિકસિત. આ સ્પર્શ એ એક માનસિક પ્રક્રિયા સિવાય કંઇ જ નથી. સ્પર્શ જગતની આટલી ચમત્કૃતિભરી વાતો સાથે એટલી જ અગત્યની એક આ વાત પણ છે કે વ્યક્તિની સંવેદનશીલતા પણ એટલી જ સમતુલ હોવી જોઈએ. સંવેદનશીલતાની ભેદમાં અસમતુલાને લઈને વ્યક્તિમાં અતિરેકતા, અતિશયોક્તિ કે ન્યુનતા આવી જવાની અને સ્પર્શ અને તે દ્વારા થતી અનુભૂતિમાં સતની માત્રા ઘટવાની, મારા દાદીનું એક ભજન છે–

તુંબીના તાર તાણી બાંધીયા
નહિ રે ઢીલા કે નહિ તંગ,
અલખ બજવૈયો આંગળ ફેરવે
એની સરવી વહે રે સૂરગંગ.

અહીં પણ સંવેદનશીલતાની માત્રાની જ વાત છે. એમાં કશું ઢીલું કે બહુ તંગ પણ નહિ ચાલે. વાજીંત્રને વગાડવા માટે એને બાંધવામાં આવતા તારને યોગ્ય રીતે બંધાય પછી જ એમાંથી રણકો નીપજે. આપણી ચેતના ને સંવેદનાના તાર આપણે ભીતરની તુંબી સાથે એવી રીતે બાંધીએ જેથી જીવનમાં નિતનવી સૂરગંગા વહેતી રહે. અલખની આંગળીના સ્પર્શમાત્રથી ચૈતન્યનો અનાહત ઝણકાર ગૂંજી રહ્યો છે. એનો આ સંવાદી સૂર આપણી ઇન્દ્રિયો દ્વારા સાંભળવા મળે. જો એના સૂક્ષ્મ પ્રવાહને ઝીલવા આપણે એના સ્પર્શને ઝંખીએ તો આપણા કોઈપણ કાર્ય પાછળ નિયતિના આવા હાથનો સ્પર્શ નથી તો એ કંઇ કામનું નથી.

જો આ બધું આપણા આત્માને સ્પર્શી જાય તો!

## ગાયત્રી પ્રાર્થના

અનંત શક્તિની દાત્રી અવિદ્યા પાપનાશિની,
અંતર પ્રકાશે હે દેવી धियो यो नः प्रचोदयात्-૧
જગાવી દિવ્ય સંસ્કારો પ્રેરો શ્રદ્ધા અલૌકીની,
અંતર ઝંખે છે એવું धियो यो नः प्रचोदयात्-૨
ઐશ્વર્યો પામમાં કાજે ને શક્તિ, સિદ્ધિ, સંપદા,
પ્રાર્થતાં યાચું હે દેવિ ! धियो यो नः प्रचोदयात-૩
નારાયણિ ! જગદ્ધાત્રિ ! સર્વ મંગલકારિણિ,
પ્રસન્નવદના દેવિ ! धियो यो नः प्रचोदयात-૪
પ્રગટાવી દીપકો આજે આ ઉરે જ્ઞાન શક્તિના
માત ગાયત્રી ! યાચું धियो यो नः प्रचोदयात्-૫

કિશોરચંદ્ર દવે-

## અદ્વૈત

ન તુમ હમારે
ન હમ તુમ્હારે,
યે સારી જહાં હૈ
ખૂદાઈ બહારે.

**અનામી**

———×———



## દર્શનની ઝંખના

કોઈએ દીઠો કનૈયારે (૨) મુજને આવો કો' બતલાવો,
કોઇએ હોય છુપાવ્યો રે (૨) તો પણ દયા કરી દર્શાવો.
બાલકૃષ્ણને દેખું ત્યારે, મનડું નથી ધરાતું,
દૃષ્ટિથી જો દૂર પળાયે (૨) દીલડું વ્યાકુળ થાતું. કો૦

મંદમંદ મુખ હાસ્ય કરતું, મોહક બહુ મમતાળું,
જાણે ત્યાંથી દૂર ન ખસીએ (૨) એવું આનંદવાળું. કો.

બોલે ત્યારે એવું, બોલે, જાણે મોતી ખરતું,
વાણી એની મધુરી મીઠી (૨) જાણે અમૃત ઝરતું. કો.

અધરે ધારી કર કમળોથી, બંસી રસે રસાળી,
બ્રહ્મનાદ સુનાવે શામળો (૨) હોય જનો અધિકારી. કો.

કાને કુંડળ માથે મુગટ, કડાં કરો પર સોહે,
પીત પિતાંબર કટીએ પહેર્યું (૨) મોહનથી મન મોહે. કો.

કોટી સુધાકર વર્તુળ શોભે, કંદર્પો પણ હારે,
વિધી પુરંદર ભાનુ સુર સૌ (૨) શોભા એની વધારે. કો.

ભાગ્યવંત અધિકારી જનને, દિવ્ય દૃષ્ટિ પ્રભુ દેતા,
ૐ રશ્મિ દર્શન તો થાતાં, માયા મહેલ ન રહેતા. કો.

ૐ રશ્મિ

———

## આરજુ

( રાગ—ખાયણાંનો )

યોગેશ્વર ! અમે હતાં, ધરતીમાં ધરબાયા,
તમે અમૃત પાયાં, અમે અંકુર થયાં...યોગેશ્વર !

અંકુરે આવ્યાં, લીલાં લીલાં પાન,
ધરતાં પુરુષોત્તમ ધ્યાન, હૈયું ધરાય ના...યોગેશ્વર !

હૈયું ધરાય ના, અમૃત પાન કરતાં,
ધીરે ધીરે ઉછરતાં થવા વટવૃક્ષ આ...યોગેશ્વર !

વડલાને ફૂટી, આવશે વડવાઈઓ,
અંતરની ભલે ખાઈઓ, તોયે પ્રભુ પેખશું...યોગેશ્વર !

પ્રભુ દર્શનના, અમે સદા અભિલાષી,
ગુરુ ચરણમાં કાશી, ગંગાનો ઘાટ આ...યોગેશ્વર !

ઉર ગંગાને, ઘાટે અમે ગુરૂ ! નાહશું,
આશિષે પાવન થાશું તમારા પ્રેમની...યોગેશ્વર !

તમારા પ્રેમે, પુરુષોત્તમ ઝાંખી થાશે,
હૈયું પલેપલ ગાશે, ગુણ ગોવિંદના....યોગેશ્વર !

ગોવિંદના ગુણ, ' જ્યોતિ પ્રભા ' ને હૈયે
અંતરની આરઝુ કરીએ, ગુરુ ચરણો મહીં....યોગેશ્વર !

પ્રભાવતીબેન પજવાણી



# મને મારા વિષે આશ્ચર્ય !

ઈશ્વર પેટલીકર

અમદાવાદમાં તા. ૧૫-૫-'૮૧ થી તા. ૨૧-૫-'૮૧ ના એક સપ્તાહ માટે પરમ પૂજ્ય મહાત્મા યોગેશ્વરજીના સાનિધ્યમાં ધ્યાન-સાધના શિબિર યોજાઇ હતી. એમાં હું જોડાયો તે જાણી સ્નેહીઓને આશ્ચર્ય થયું હતું. મને પોતાને મારા વિષે આશ્ચર્ય થાય તો સ્નેહીઓને થાય તેમાં નવાઈ ન હતી. મેં જિંદગીમાં પ્રાર્થના કરી નથી, દેવદર્શન એ ભાવે કર્યાં નથી, મૂર્તિપૂજામાં શ્રદ્ધા નથી. ઈશ્વર છે તેવી વારસાગત શ્રદ્ધા હોવા છતાં એ નિરાકાર ચેતનશક્તિ છે. એ કોઇ વ્યક્તિની માફક કોઈનાં અંગત કાર્ય કરે અને તેના ઉપર કૃપા કરે તેવો પ્રભુ વિષે સ્વીકાર ન હતો. કર્મ એ જ વ્યક્તિને તારનારું અને ડૂબાડનારું સાધન છે. બને તેટલાં સારાં કર્મ કરવાં, બૂરાં કર્મથી દૂર રહેવું. બને તો બીજાનું કાર્ય ફરજ સમજીને કરી છૂટવું અને ન બને તો કંઈ નહિ, પણ કોઇનું અહિત ન કરવું. ભક્તિ એ પ્રભુસ્મરણમાં નથી, પૂજાપાઠમાં નથી, દેવદર્શન કે દેવસેવામાં નથી, પણ સારા આચરણમાં છે. આવી માન્યતાને લીધે ઈશ્વર છે કે નહિ, તેની મથામણ કરી નથી. હશે તો ય એ આપણા ઉપર નારાજ થવાનો નથી. એને ન સંભાર્યો એટલે કર્મનું મૂલ્ય ઓછું આંકવાનો નથી. અને નહિ હોય તો પણ કંઈ ચિંતાનું કારણ નથી.

ગીતામાં પોતાની પ્રકૃતિ ઓળખીને સ્વધર્મ-કાર્યક્ષેત્ર સ્વીકારી લેવું તે શ્રેયસકર છે તેમ કહેલું છે. તેની જાણકારી થઈ તે પહેલાં અનાયાસે સાહિત્યનું ક્ષેત્ર પસંદ કરવાનું સૂઝયું હતું અને તેને વળગી રહેવાનું અને બીજા તરફ ફાંફાં

મારવાની વૃત્તિ થઈ ન હતી. જીવનમાં અનાયાસે અનુકૂળતા મળતી રહી હતી અને ચિત્તને શાંતિ હતી. એટલે એ શાંતિ મેળવવા પણ પ્રાર્થના–પ્રભુ સ્મરણની જરૂર લાગી ન હતી. સાહિત્યનું ક્ષેત્ર એટલે વિવિધ વિષયનાં પુસ્તકો વાંચવાનો શોખ–આનંદ તેથી ધર્મનાં પુસ્તકો પણ વંચાતાં રહ્યાં હતાં. પ્રાર્થનાઓ–ભજનો પણ વંચાતાં રહ્યાં હતાં. પરંતુ વાચનના એક ભાગ તરીકે–ભક્તિના કોઈ ભાગ તરીકે નહિ. શ્રીરમણ મહર્ષિ અંગે ખાસ કંઈ વાંચવા મળેલું નહિ. થોડાં વર્ષ ઉપર 'ભગવાન રમણ મહર્ષિ, તેમનું જીવન અને કાર્ય' એ પુસ્તક, મારા પુસ્તકોના પ્રકાશક મેસર્સ આર. આર. શેઠની કંપની તરફથી પ્રગટ થયું હતું. આથી એ પ્રકાશક તરફથી મને ભેટ મળ્યું. વાંચવાથી આનંદ થયો અને એક આધ્યાત્મિક જીવન ગાળનાર સંતનો અનુભવ–ભાવના જાણ્યાં. એના લેખક યોગેશ્વર પણ કોઈ સંત હશે અને તેમનું જીવન પણ નાનપણથી ત્યાગી અને આધ્યાત્મિક હશે તેમ તે વખતે ખ્યાલ પણ નહિ. લેખક ઊંડા અભ્યાસી અને વિદ્વાન છે એવી છાપ પડેલી એટલું જ.

અમદાવાદમાં છેલ્લાં પાંચ-છ વર્ષથી એમનાં પ્રવચનો થતાં તેની જાણકારી ન હતી. જો કે જાણવા મળેલું કે તે કેવળ લેખક–અભ્યાસી નથી પણ સાધકજીવન ગાળેલા સંત છે. '૭૯ માં તેમનાં પ્રવચનો પત્યા પછી તેની જાણ થયેલી ત્યારે એમને હાર્ડ એટેક આવેલો છે તે સમાચાર મળેલા. '૮૦ના ડિસેમ્બરમાં એમનાં પ્રવચનો ભક્તિ ઉપર યોજાયેલાં જાણતાં એ સાંભળવાની ગણતરી રાખી. યોગેશ્વરજીનાં પ્રવચનોએ એ છાપ પાડી કે યોગેશ્વરજી આચારનો મહિમા કરતા નથી, પરંતુ આચરણમાં ઊતરે તો જ એ સાર્થક છે. ભક્તિ કર્તવ્યમાં પરિણમવી જોઈએ. નાગરિક જે ક્ષેત્રે કાર્ય



કરતો હોત તેમાં નિષ્ઠાવાન બનેલો હોવો જોઈએ. સમાજ અને રાષ્ટ્ર પ્રત્યે અભિમુખ બનેલો હોવો જોઈએ. જે પ્રભુ પ્રત્યે અભિમુખ બનેલો છે તે સમસ્ત સૃષ્ટિ પ્રત્યે અભિમુખ હોવો જોઈએ. જો તેવું ન હોય તો એ સાચી ભક્તિ નથી: પ્રાર્થના, ધ્યાન, ભક્તિ એ જીવન ઘડતરનું શ્રેષ્ઠ સાધન છે.

આ અંગે નિયમિત વર્ગો ચાલતા હોત તો જ જેને રુચિ હોય તેને માર્ગદર્શન મળે અને તેવું વાતાવરણ પ્રાપ્ત થાય. તેથી અમદાવાદમાં ત્રણેક જગાએ તે પ્રવૃત્તિ એમના સાધકો તરફથી ચાલતી હતી. વળી એ પ્રવચનો પછી નવા વર્ગનું કેન્દ્ર મારી નજીક બહેનો મંદિર સંભાળે છે તે કાચના મંદિરમાં પૂજ્ય યોગેશ્વરજીના આશીર્વાદથી ડિસેમ્બરની વીસમી તારીખે શરૂ થયું. જો એ માર્ગ જીવન ઘડતરમાં ઉપયોગી થતો હોય તો એનો અનુભવ કરવો. ઈશ્વર સાક્ષાત્કારનો રસ પહેલાંય નહોતો અને આજેય તે જાગ્યો છે તેવું નથી. આ કેન્દ્ર કોઈ સાંપ્રદાયિક પરંપરાને અનુસરતું નથી. ઈશ્વરનાં ગમે તેટલાં નામ હોય પણ તે એક જ છે. આથી જે ને જે નામે ધ્યાન–જપ કરવાં હોય તે કરે પણ સહસ્રનામી એક ઈશ્વરને પહોચે છે. એમાં છેલ્લી સમાધિની ભૂમિકાએ પહોંચે છે તેને આત્મસાક્ષાત્કાર, ઈશ્વર સાક્ષાત્કારની અનુભૂતિ થાય છે. એ કક્ષાએ ન પહોંચે પણ યોગવાશિષ્ઠમાં જે સાતભૂમિકામાં કહી છે તે પ્રમાણે અનાસક્તિએ પહોંચે તો એનાં કાર્યો સર્વ પ્રત્યે પ્રેમ સાથે સમાજ અને પોતાના વિકાસના શ્રેયનાં બની રહે.

પ્રાર્થના કે ધ્યાનમાં બેઠા સિવાય હું મારું આત્મનિરીક્ષણ કરતો રહેતો રહ્યો છું. કોઈ પણ જાગ્રત નાગરિક તે કરે જ, તેમાં કંઈ મારી વિશેષતા છે તેવું હું માનતો નથી. પરંતુ શિબિરમાં તા. ૧૬મીએ પૂજ્ય યોગેશ્વરજીએ ધ્યાનનો મહિમા જણાવતાં કહ્યું કે, આપણે આપણા આત્મસ્વરૂપને ઓળખીએ

તો બીજામાં તે સ્વરૂપનું દર્શન કરી શકીએ. જે પોતાનું એ સ્વરૂપ જોઈ શક્યો ન હોય તે બુદ્ધિથી બીજામાં તે જોવા માગે પણ પૂરું જોઈ શકે નહિ. આ કંઈ નવું રહસ્ય હતું તેવું ન ગણાય. પરંતુ તે ક્ષણે મને થયું કે હું જેને આત્મનિરીક્ષણ માનું છું તે પ્રકૃતિ નિરીક્ષણ છે. મારી પ્રકૃતિનું હું નિરીક્ષણ કરતો હતો. આત્મતત્ત્વ ઓળખવાનો મેં શ્રમ લીધો નથી, પ્રયત્ન કર્યો નથી. એ જ્યોતિ સ્વરૂપ છે તેમ વાંચેલું, એ ન જોઈએ કે જોઈએ તેથી શું જીવનઘડતરમાં ફેર પડવાનો હતો ? આપણે કંઈ મોક્ષ જોઈતો નથી. આ જન્મમાં સુખ છે પછી નવા જન્મમાંથી મુક્તિ શું કામ જોઈએ ? હવે થયું કે મુક્તિ માટે જ નહિ, જીવન ઘડતર માટે પણ એ લાભદાયી બની રહે. સર્વ પ્રત્યે સમભાવ, પ્રેમભાવ પોતાપણાના અભેદભાવ વિના પૂર્ણ બને નહિ. આજે બુદ્ધિથી તેને સમજીએ છીએ, તે રીતે જાગ્રતિપૂર્વક વર્તવા પ્રયત્ન કરીએ, પણ તેવો ભાવ હૃદયમાં અનુભવવો સહેલો નથી. મોક્ષ માટે નહિ, મુક્તિ માટે નહિ, પણ આ દુનિયામાં કર્તવ્ય બજાવવા માટે પણ આત્મનિરીક્ષણ જરૂરી છે. ગાંધીજી પ્રાર્થના ઉપર ભાર મૂકતા હતા, તે આસક્તિ વિના કર્તવ્ય બજાવવા તે મૂડી જરૂરી છે, તેમ સમજાયું.

મારે માટે શિબિરમાંથી આ સમજ શ્રદ્ધા પ્રાપ્ત થઈ તેમ કહેવાય. છેલ્લા પાંચ મહિનાથી નિયમિત ધ્યાનમાં બેસવાનો નિયમ ચાલે છે. નિયમ ચાલે છે એટલુ જ કહેવાય, ધ્યાન થાય છે તેમ ન કહેવાય. જેમાં રસ જાગ્યો નથી, કેવળ એ જીવનઘડતર માટે જરૂરી છે તેવા ખ્યાલથી અભ્યાસ આરંભ્યો છે. શિબિરથી એ અભ્યાસનું મહત્ત્વ વિશેષ વધ્યું છે. મારે માટે તેમ જ શિબિરના સર્વને માટે પરમ ભગવતી મા સર્વેશ્વરીજીના સાધક તરીકેના અનુભવો એ પ્રેરક બની



રહ્યા તેમ કહી શકાય. મીરાની મૂર્તિ તેમનામાં પ્રત્યક્ષ થતી જોવા મળી. સંતોને શિષ્યો મળતા હોય છે, અધિકારી શિષ્યો મળતા હોય છે, પણ સ્ત્રી શિષ્યના દાખલા અપવાદરૂપ હોય છે. સ્ત્રીઓ બીજા ક્ષેત્રે તકને અભાવે તેમની શક્તિ વિકસાવી શકી નથી તેમ આધ્યાત્મિક ક્ષેત્રે પણ બન્યું છે. આ યુગમાં શ્રી અરવિંદ અને શ્રી માતાજીનો ઇતિહાસ પ્રેરક છે. ગુજરાતની ભૂમિની વાત કરીએ તો પૂજ્ય યોગેશ્વરજી અને મા સર્વેશ્વરીજી બંને ગુજરાતની ભૂમિનાં સંતાનો છે. મા ભગવતીની આધ્યાત્મિક ક્ષેત્રની જે તાલાવેલી છે તે જોતાં આવતી કાલે એ પોતે ગુરુની જેમ પોતાની આગવી પ્રતિભાથી લોકહૃદયમાં ગુરુનું સ્થાન લે તેવી એમની પ્રેરક કથા પ્રતીતિ કરાવે છે.

'અધ્યાત્મ' માસિકના વાચકોને પૂજ્ય યોગેશ્વરજી વિષે કંઈ કહેવાનું ન હોય એટલે તેમના વિષે મૌન રહેવાનું યોગ્ય માન્યું છે. આ પ્રવૃત્તિ સ્થૂલ આચારમાં ધર્મ સમાઈ ગયો તેવી પરંપરાગત કે સાંપ્રદાયિક પોષક નથી. સર્વાંગી જીવન ઘડતરની શિક્ષણની પ્રવૃત્તિ છે. એ ગુજરાતમાં વિકસે તેવી આશા સેવું છું. પરમ પૂજ્ય યોગેશ્વરજી અને પરમ ભગવતી મા સર્વેશ્વરીજીને વંદન સાથે વીરમું છું.

# આનંદની ખોજ

સંકલનઃ-જે. વી. શાહ

આનંદ મેળવવો હોય તો માણસે બાળક બનવું જોઈએ. બાળક બનો તો વહેલી સવારે આકાશમાં ઊઘડતા રંગો વિસ્મયથી જોઈ શકો, અને સાંજે પશ્ચિમમાં આથમતા સૂર્યને આનંદથી નિહાળી શકો. વર્ષા ઋતુમાં ખીલેલા ઈન્દ્રધનુષ્યને આનંદથી નિહાળી નાચી શકો, ને બાળસુલભ કુતૂહલથી કુદરતની કૃપાને પ્રસન્નતાથી માણી શકો. આપણે આપણી માની લીધેલી ભ્રામક જવાબદારીઓમાં એટલા બધા વ્યસ્ત અને ચિંતાતુર રહીએ છીએ કે આપણને આપણા બગીચામાં ખીલેલાં ગુલાબના ફૂલ સામે વિસ્મયથી જોવાનો સમય જ ક્યાં છે. અને સમય હોય ત્યારે, આપણું સંવેદન એનો કશો અનુભવ કરવા જેટલું આર્દ્ર હોતું નથી. કદી બાળ કુતૂહલથી તમારા આસપાસની કુદરત નિહાળી, એમાં વ્યાપી રહેલા આનંદને માણવાની ઇચ્છા કરી છે ખરી! કાકા સાહેબ જેલની કોટડીમાં બેઠા બેઠા સમડી, કાગડા, મંકોડા અને કીડીઓની હાર એ બધું કેટલા કુતૂહલથી નિહાળતા. 'ઓતરાતી દીવાલો' નામના પુસ્તકમાં આ બધું વાંચીને આપણને આનંદ થાય છે. પણ આપણે પ્રકૃતિની એવી નાનામાં નાની ચીજ પાસેથી આનંદ પ્રાપ્ત કરવાની દૃષ્ટિ ગુમાવી દીધી છે. આપણે દુઃખ અને ગમગીની ભૂલવા ફિલ્મ જોવા જઈએ છીએ. પરંતુ ફિલ્મનો બહિર્મુખ આનંદ ઝાઝુ ટકતો નથી. એટલે કાં તો ફરી ફિલ્મ જોવી પડે છે, અથવા ચા પીવી પડે છે, અગર તો સીગરેટ પીવાની તલપ લાગે છે. આમ બહારની ચીજોમાંથી આનંદ મેળવવાનાં ફાંફાં મારતા આપણે કદી



કોઈ બીજાં એવાં કેફી પીણા પીને આનંદમાં ગરકાવ થવા પ્રયત્ન કરીએ છીએ. પરંતુ આ બધા ક્ષણજીવી ઉપાયો છેવટે વ્યસન બની જાય છે; અને સાત્વિક આનંદથી આપણને સો યોજન દૂર લઈ જાય છે.

પ્રકૃતિના અલૌકિક દશ્યો તરફ એક બાળકની દૃષ્ટિથી નિહાળીએ તો તેમાં જે આનંદ પ્રાપ્ત થાય છે, તે અંદરનો હોઈ શાશ્વત છે, એના માટે કાશ્મીર, ઉટી, ગીરનાર, સોમ- કે બીજે કયાંય જવું અનિવાર્ય નથી. આંખ હોય તો ઘરની અગાશીમાં બેઠેલું એ પક્ષી કુંડામાં ઉગેલો તુલશીનો નાનો છોડ પણ આપણને આનંદ આપી શકે છે.

પરંતુ આપણે એવો આનંદ માણવાની દૃષ્ટિ જ ગુમાવી દીધી છે, પછી શું થાય?

કસ્તુરી મૃગની જેમ આપણે આનંદસ્વરૂપ હોવા છતાં, આનંદને બહાર શોધવા ફાંફાં મારીએ છીએ ને જીવનના અંતે નિરાશ થઈ, સાચા આત્મિક આનંદથી વંચિત રહી, દુઃખી થઈ કાળને શરણ થઈએ છીએ. કેવી કરુણતા!

---

પૂ. શ્રી. યોગેશ્વરજીનો કાર્યક્રમ

પ. પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજી તા. ૩–૬–૮૧થી આરામ માટે આબુમાં થોડા દિવસો ગાળશે.

# સિંહમુદ્રા અને સિંહાસન

મણિભાઈ શાહ

### સિંહમુદ્રા



સિંહમુદ્રા

સિંહ પોતાના બે જડબાં પહોળાં કરી જેવી મુખમુદ્રા ધારણ કરે છે, તેના જેવી જ મુખમુદ્રાનું અનુકરણ કરવાનું હોઈ આને સિંહમુદ્રા કહે છે.

મુદ્રાની રીત :

(૧) પલોંઠી વાળીને કે પદ્માસન વાળીને બેસો અને બંને હાથ ગોઠણ ઉપર રાખો. અથવા ઊભા ઊભા કરવી હોય તો બંને હાથ કમર ઉપર રાખો.

( ૨ ) પછી બને તેટલા બંને જડબાં પહોળાં કરો.

( ૩ ) હવે જીભનો ઘા કરતા હો તેમ જીભ બહાર કાઢો અને તેને બહારની બાજુ ખેંચી જીભની અણી હડપચીને અડાડવાનો પ્રયત્ન કરો. જુઓ સિંહમુદ્રા. આ વખતે દાઢી પણ હડિયા નીચેના કંઠકૂપમાં લગાડી દેવી.

( ૪ ) દૃષ્ટિને બે ભવાં વચ્ચે અર્થાત્ ભ્રુમધ્ય દૃષ્ટિ કરવી અથવા નાકની અણી ઉપર અર્થાત્ નાસાગ્ર દૃષ્ટિ કરવી.


શ્વાસોશ્વાસ મોટે ભાગે મોઢેથી જ ચાલુ રાખવો. જોકે



નહીં જેવો શ્વાસોશ્વાસ નાકથી પણ થતો રહે છે, પણ તે ગૌણ છે. પણ સિંહમુદ્રા પૂરી થતાં નાકથી જ શ્વાસ લેવા કાઢવાનું શરૂ કરવું.

સિંહમુદ્રા ૪-૫ સેકંડ ટકાવી છોડી દેવી. પછી ફરી કરવી. એમ પાંચ સાત વાર કરવી.

### સિંહાસન




આ આસનમાં સિંહ મુદ્રાનું અને ગોઠણ પર આંગળા પહોળા કરી સિંહના પંજાનું અનુકરણ કરવામાં આવે છે. તેથી આને સિંહાસન કહે છે.




સિંહાસન

આસનની રીતઃ

(૧) બંને પગ લંબાવીને બેસો.

(૨) હવે જમણો પગ ગોઠણમાંથી વાળીને તેની એડી કે પાની ડાબા નિતંબ નીચે આવે તેવી રીતે નિતંબ ઊંચો કરી પાની ઉપર બેસો. પગના તળિયા ઉપર રહે અને પગના પંજાને ઉપરનો જમણી તરફનો ભાગ જમીન પર લાગેલો રહે.

( ૩ ) હવે તેવી જ રીતે ડાબો પગ ગોઠણમાંથી વાળી

જમણા નળા પર ચોકડી પડે તેમ લઈ જઈ જમણા નિતંબ નીચે ગોઠવો. બંને પગ ગોઠવાય એટલે પાછળથી પગના પંજા કેવી રીતે ગોઠવાય છે તે માટે જુઓ ચિત્ર નં ૧. આટલું થતાં શરીરનો ભાર બંને પગ ઉપર સરખી રીતે વહેંચાઇ જશે.

( ૪ ) હવે બંને ગોઠણ જમીન પર લગાડી દો. બંને હાથના પંજાનાં આંગળાં સિંહના પંજાની જેમ પહોળા કરી ગોઠણ પર ગોઠવો. આ વખતે ધડ થોડું આગળ ઝુકી જશે.

( ૫ ) હવે કાંડાના, પંજાના સ્નાયુઓને સખત કરી સિંહમુદ્રા કરો. આ વખતે ખભાના બળથી બંને ગોઠણ ઉપર ભાર દેવો. ધડ થોડું ઝૂકેલું પણ કરોડ ટટ્ટાર રાખવી. જુઓ ચિત્ર નં ૨.

સમય ૫-૭ સેંકડથી શરૂ કરી ધીરે ધીરે વધારી ત્રણ મિનિટ સુધી કરી શકાય.

સિંહાસન, ઉડ્ડિયાન, જાલંધરબંધ અને મૂળ બંધની પૂર્વ તૈયારી રૂપે અગત્યનું આસન છે. તેમાં ત્રણેય બંધની પૂર્વ તાલિમ મળી રહે છે.

ફાયદા:-( ૧ ) ગર્દનની માંસ પેશીઓ અને જ્ઞાનતંતુ-ઓ સબળ અને નિરોગી બને છે. ( ૨ ) કંઠનળી અને શ્વાસનળીના શરૂઆતના મુખ્ય ભાગોને નીરોગી બનાવે છે.

( ૩ ) Thyroid ગ્રંથી નીરોગી બને છે.

( ૪ ) કાન અને લાળ ગ્રંથિને પણ ફાયદો થાય છે.

સૂચના:-જીભમાં ચાંદા કે ગળામાં સોજો હોય ત્યારે સિંહમુદ્રા કરવી નહીં.



# परं पश्यत माऽपरम् ।

ડૉ. રણજિત પટેલ (अनामी )

परं पश्यत, माऽपरम्–આ સૂક્તિનો વાચ્યાર્થ તો કેવળ એટલો જ થાય છે કે ' ઉપર જુઓ, નીચે નહીં. ' આપણા ધર્મ અને અધ્યાત્મ–સાહિત્યમાં આવાં અનેક સૂક્તો છે જે સીધા–સરલ આચરણની આચારસંહિતા જેવાં છે. દા. ત– धर्मं चरत माऽधर्मम । ધર્મનું આચરણ કરો, અધર્મનું નહીં. सत्यंवदत, नानृतम । સત્ય બોલો, અસત્ય નહીં. दीर्घं पश्यत, मा ह्रस्वम ।–દીર્ઘ દૃષ્ટિ રાખો, સંકુચિત નહીં. તેવી જ રીતે परं पश्यत, माऽपरम ।–એટલે કે ઉપર જુઓ, નીચે નહીં. પણ આ સૂકિતનો લક્ષ્યાર્થ લઈએ તો परं–ઉપર–એટલે કે ભગવાનની તરફ, અને अपरम–નીચે–એટલે કે દુનિયાની તરફ– એવો આનો સત્યાર્થ થાય.

સામાન્ય રીતે, શ્રેયને વરેલો જીવાત્મા, પરમાત્મા તરફ જુએ છે ને પ્રેયાર્થી દુનિયા તરફ–એટલે કે દુન્વયી લાભો તરફ આ શ્રેય–પ્રેયના વિવેકમાં જ માણસ ગોથાં ખાઇ જાય છે. માણસ જાણે છે કે ધર્માચરણથી અર્થ અને કામની તૃપ્તિ થાય છે તો પણ અજ્ઞાન, લોભ અને માયાથી અભિભૂત થઈ એ અધર્મનું જ આચરણ કરે છે.

હજારો વર્ષ પૂર્વે મહર્ષિ વ્યાસે મહાભારતમાં એ જ સનાતન અરણ્ય–પુકાર કર્યો છે: " બે બાહુ ઊંચા કરીને હું સમગ્ર વિશ્વને ચેતવી રહ્યો છું પણ કોઈ મારું સાંભળતું નથી. અર્થ અને કામનો હું શત્રુ નથી, અને કામની ઉપાસના ભલે કરો પણ તે ધર્મની આણમાં રહીને, મોક્ષની પ્રાપ્તિને માટે કરો. "

બ્રાહ્મણ-ક્ષત્રિય-વૈશ્ય-શુદ્ર એ ચાર વર્ણોને, બ્રહ્મચર્ય-ગૃહસ્થ-વાનપ્રસ્થ અને સંન્યસ્ત એ ચાર આશ્રમ દ્વારા, ધર્મ-અર્થ-કામ ને મોક્ષ એ ચાર પુરુષાર્થ સિદ્ધ કરવાની આપણે ત્યાં પરમ શાસ્ત્રીય અને પવિત્ર શાસ્ત્રોક્ત વ્યવસ્થામા હતી. પણ કાળક્રમે-ઉત્તરોત્તર એ નક્કર વ્યવસ્થામાં પણ ગાબડાં પડયાં અને આજે તો સંકરતાને કારણે અસલ વર્ણો રહ્યા નથી કે એમાં અનુસ્યૂત રહેલી ભાવના પણ અલોપ થઈ ગઈ છે. આશ્રમમાં પણ મુખ્યત્વે બે જ રહ્યા છે ને પુરુષાર્થોમાં પણ પ્રધાનતઃ અર્થ અને કામ જ બન્યા છે... અને એ બે પુરુષાર્થોની સિદ્ધિ માટે પણ, परं पश्यत, माऽपरम् નો પુરાતન મંત્ર વિસરી ગયા છીએ!

અલ્પસંખ્યામાં જીવતા અજ્ઞેયવાદીઓ અને નાસ્તિકો સંસારના કલુષિત વ્યવહારમાં રચ્યાપચ્યા રહી ભલે ભગવાનનો ડર રાખે નહીં પણ પૂર્વજન્મ તેમ જ પુનર્જન્મમાં માનનાર અને ક્રિયમાણ, સંચિત અને પ્રારબ્ધકર્મમાં શ્રદ્ધા રાખનાર અતિસંખ્ય આસ્તિકો પણ જ્યારે परं पश्य, माऽपरम् 'ઉપર જુઓ, નીચે નહીં'ના સનાતન મંત્રને વિસરી જાય ત્યારે गहना कर्मणोगतिः એમ જ સમજવું અને ઉચ્ચારવું રહ્યું. કર્મ, અકર્મ અને વિકર્મની ગતિ નહીં જાણનારો, સત્ત્વ, રજસ્-તમસ્‌ની પ્રકૃતિ-માયા-રમણામાં અટવાતો જીવાત્મા, ઉર્ધ્વગતિ અને અધોગતિનો વિવેક કરી શકતો નથી, એટલે परं पश्यत माऽपरम् નું તર્કશાસ્ત્ર એને સમજાતું પણ નથી.

સંસાર તરફ દૃષ્ટિ રાખનાર આવા આસૂરી જીવને મમતા હોય છે.

असत्यमप्रतिष्ठं ते जगदाहुरनीश्वरम् ।
अपरस्परसंभूतं किमन्यत्कामहैतुकम् ॥



મતલબ કે આ જગત અસત્ય, આશ્રયરહિત, ઈશ્વર વિનાનું કાર્ય-કારણના પરસ્પર સંબંધ વિના થયેલું અને વિષયભોગરૂપ હેતુવાળું છે. એ વિના બીજુ છે પણ શું? જ્યારે ઈશ્વર તરફ અભિમુખ થયેલા દૈવી જીવો ગીતા-ભાખ્યા 'उर्ध्वं गच्छन्ति सत्वस्था'ના સત્યમાં માનનાર હોય છે. શ્રેયપ્રેયનો યોગ્ય વિવેક કરી, ઈશ્વર તરફ અભિમુખ થવું, કે સતત સરતા સંસારના કળણમાં-કર્દમમાં ખૂંપવું આળોટવું એ જ માનવજીવનને ચરમ અને પરમ પુરુષાર્થ છે.

('આકાશવાણી'ના સૌજન્યથી)

ધ્યાન જપની સાધના વિના, આંતરિક શુદ્ધિ આવતી નથી. અને જ્યાં સુધી શુદ્ધિ ન હોય ત્યાં સુધી આત્મદર્શન શક્ય નથી.

યોગેશ્વર

PHONES : 292326. 295639 RESI: 441332
GRAM : 'NITSARAD' TELEX NO. 011. 6188. NITI

**S. V. Enterprises**

**Worldwide Exporters**

★

203, Sharoa Chambers, 15, New Marine Lines,
Post Bag No. 11490, Bombay 400020.

# પૂ. મહાત્મા ગાંધીજી વિષયક વાર્તાલાપ

( ગતાંકથી ચાલુ )

પૂ. સર્વેશ્વરી

પ્રશ્ન—તમને કોઈવાર આશ્રમમાં અન્યાય થતો હોય એવું લાગેલું ?

ઉત્તર—એવું કંઈક લાગે તો બાપુ પાસે સમાધાન મળી જતું.

એક વાર સવારે દરરોજની જેમ બાપુ સાથે ફરવા ગયાં. ફરીને આવ્યા એટલે હું નાસ્તો કરવા રસોડામાં ગઈ પણ તરત જ પાછી ફરી. હું પાછી ફરી તે શ્રી કસ્તુરબાએ જોયું. મને પૂછ્યું કે કેમ નાસ્તો ના કર્યો ? મે કહ્યું કે દહીં નથી એટલે નાસ્તો ના કરી શકી ( શરૂઆતમાં હું બંગાળથી આવેલી એટલે દૂધ કરતાં દહીં સાથે દલિયો કે બીજો નાસ્તો જ ભાવતો) કસ્તુરબાએ તરત જ રસોડામાં જઈને ગંભીરતાથી સૂચના આપી કે જુઓ, કેટલી નાની છોકરી છે ? બંગાળથી માબાપને છોડીને આવી છે, ને બાપુની સેવામાં રહી છે તો આપણે તેની કાળજી રાખવી જ જોઈએ, એને માટે દહીં રાખવું જ જોઈએ. ( દરરોજ દહીં રાખવામાં આવતું પણ તે દિવસે કોઈકને આપી દીધું હશે. તેની અસર આભાબહેન પર પડી ન હતી. )

એ રીતે બા પણ અમારી કાળજી રાખતાં એટલે અમને અન્યાય જેવું લાગતું નહીં. બા ખૂબ જ પ્રેમાળ હતાં.

પ્રશ્ન—બાપુ સાબુનો ઉપયોગ કરતા નહીં ?

ઉત્તર—ના, માટીથી જ હાથ ધોતા.

પ્રશ્ન—બાપુ પોતે ભજન ગાતા ?

ઉત્તર:— ના. અમે ભજન ગાતા સાંભળ્યા નથી. પરંતુ



ભજન ગવાતું હોય ત્યારે ધીમેથી ગણગણતા. વળી હાથથી તાલ પણ આપતા.

પ્રશ્ન-બાપુની પથારીમાં શું શું રહેતું ?

ઉત્તર-નાની એવી ખાદીની ગાદી, ખાદીનું જ કવર, ખાદીની જ ચાદર અને ઓશીકું. ઓશીકા પાસે જ માળા રહેતી. જ્યારે પણ સમય મળે ત્યારે અથવા રાત્રે ઊંઘ ન આવે ત્યારે માળા ફેરવતા.

પ્રશ્ન-તમને માળા ફેરવવાનું કહેતા ?

ઉત્તર-માળા વિશે નાક હેતા, પરંતુ રામનામ લેવાનું તો કહેતા જ. ઊંઘ ન આવે કે ડર લાગે તો રામનામ લેવાનું કહેતા.

પ્રશ્ન-બાપુની પથારી પાસે બીજી કોની પથારી થતી ?

ઉત્તર-અમારી પથારી રહેતી. અમારી પથારીમાં શેત્રંજી રહેતી. અને જ્યાં પણ હોઈએ ત્યાં જેને પણ બાપુની પથારી પાસે સૂવું હોય તેને બાપુ રજા આપતા.

પ્રશ્ન-રાત્રે પાણીની જરૂર પડે તો બાપુ જાતે લઈ લેતા ?

ઉત્તર-મોટે ભાગે બાપુ જાતે ઊઠીને લઈ લેતા, કારણ કે બાપુના પલંગ પાસે એક શીશીમાં ઉકાળીને ઠંડુ કરેલું પાણી હંમેશાં મૂકવામાં આવતું. જેમાંથી તેઓ પાણી પીએ, સવારે મોઢું ધૂએ, કોગળા કરે વગેરે. નદી કિનારે રહેતા તોપણ પાણીનો દુરુપયોગ ના કરતા.

પણ ઘણી વાર અમે ઊઠી જ જતાં. કારણ બાપુ ઊઠે કે પાસું ફેરવે તો પણ અમારી ઊંઘ ઊડી જતી. બાપુ અમને ઊઠવાની ના કહેતા તોપણ અમે બાપુ પાસે પહોંચી જતાં.

પ્રશ્નઃ-રાતે બાપુને ઊંઘ ના આવે એવું બનતું ? અથવા તમને પણ ઊંઘ ના આવે તો તમે બાપુ સાથે પ્રાર્થના કરવા બેસતાં ?

ઉત્તર-ના. અમે ભજન ગાતા સાંભળ્યા નથી. પરંતુ

ઉત્તરઃ–ખાસ એવું ન હતું. કોઈક વાર બાપુ જાગી જતા તો અમને ઉઠાડતા. અમે તેમને તેમના બહાર ખુલ્લામાં સૂવાના પલંગ પાસેથી તેમની ઝુંપડીમાં લઈ જતા. ત્યાં તેઓ લેખનકાર્ય કે અગત્યની નોંધ કરવા બેસતા. અમને તો તેઓ તરત જ સૂઈ જવાનું કહેતા, એટલે અમે અમારી જગ્યાએ જઈને સૂઈ જતાં. બાપુ લખતા, વળી ત્યાં જ આરામ કરી લેતા. સવારે પ્રાર્થનાના સમયે અમને નિયમિત રીતે ઉઠાડતા.

દિવસ ભર ઘણું કામ રહેતું. એટલે અમને ઊંઘ ના આવી હોય એવું ના બનતું. અને ઊંઘ ના આવે તો બાપુ સાથે બેસીને પ્રાર્થના કરવાનું ના બનતું.

પ્રશ્નઃ–સામાન્ય રીતે કેટલા વાગે સૂઈ જવાનું બનતું ?

ઉત્તરઃ–બાપુ માનતા કે વહેલા ઊઠવું હોય તો મોડામાં મોડા રાત્રે નવ વાગ્યે તો સૂઈ જ જવું જોઈએ.

પ્રશ્નઃ–તમે તો બંગાળથી આવેલાં. તો તમને ઘેર પત્ર લખવાનું બાપુ કહેતા ખરા કે ?

ઉત્તરઃ–હા, બાપુ કહેતા કે આઠ દિવસે એક પત્ર તમારે ઘેર લખવો જ. અને પછી પૂછતા પણ ખરા કે ઘેર પત્ર લખ્યો ?

પ્રશ્નઃ–તમારા ઉપર ઘેરથી આવતા કાગળો બાપુ વાંચતા ?

ઉત્તરઃ–ના, બંગાળીમાં હોય એટલે બાપુ વાંચે નહીં પણ અમે કહેતા કે પત્ર આવ્યો છે. ઘરના સૌએ પ્રણામ લખ્યા છે. પત્રો તો ઘણા આવતા. એનું કામ મહાદેવભાઈ દેસાઈ, કનુભાઈ વગેરે સંભાળી લેતા. આવેલા પ્રત્યેક પત્રનો બને ત્યાં સુધી જવાબ આપવો જ એમ બાપુ માનતા.

પ્રશ્નઃ–બાપુએ ઘણા ઉપવાસો કર્યા ત્યારે તમને બાપુની ચિંતા થતી ?



ઉત્તરઃ–હા, ખૂબ ચિંતા થતી. ઉપવાસમાં બાપુ શરૂઆતના બે ત્રણ દિવસ જ પાણી પી શકતા. પછી પાણી પણ બંધ થઈ જતું. એટલે તેમની તબિયતની અમને ખૂબ ચિંતા રહેતી. આમ પણ કસ્તુરબાના સ્વર્ગવાસ પછી બાપુની તબિયત નરમ જ રહેતી અને બા પણ ન હતાં એટલે અમને વિશેષ ચિંતા રહેતી.

પ્રશ્નઃ–બાપુ સાથે તમને પણ ઉપવાસ કરવાની ઇચ્છા થતી ? તમને ઉપવાસની રજા મળતી ?

ઉત્તરઃ–અમને કોઈને પણ બાપુ સાથે ઉપવાસ કરવાની રજા ના મળતી. તેઓ કહેતા કે તમે તો મારી સેવા કરો છો એટલે તમારે તો તબિયત સંભાળવી જ જોઈએ.

પૂ. બા જ્યાં સુધી હતાં ત્યાં સુધી બાને બાપુ સાથે ઉપવાસ કરવાની છૂટ મળતી. બાપુના ઉપવાસો ચાલે ત્યારે બા ઉપવાસ અથવા એકટાણાં કરતાં.

પ્રશ્નઃ–આશ્રમવાસીઓ પૈકી તમે પણ દરરોજ બા અને બાપુને પ્રણામ કરતાં ?

ઉત્તરઃ–ના, કોઈ ખાસ પ્રસંગે જેવા કે અમારા પોતાના જન્મદિને કે બા બાપુના જન્મદિને અમે બાપુને પ્રણામ કરતાં. તે વખતે અમે તેમને યુગપુરુષ છે એમ ઓળખીને દરરોજ પ્રણામ કરી શક્યા નહીં. કારણ કે બાપુ અતિશય પ્રેમાળ હતા ને ! સામાન્ય માનવીની જેમ અમારી સાથે ભળી જતા. અમે તેમની દરેક વાત શ્રદ્ધાથી સ્વીકારી લેતા.

પરંતુ આશ્રમના ઘંટને વગાડનાર ડો. ભણસાળીભાઈ દરરોજ રાત્રે બાપુ પાસે આવીને ખૂબ જ ભાવભક્તિથી નીચા નમીને પ્રણામ કરીને ઊભા રહેતા. એટલે દરરોજ બાપુ પોતાની ઘડિયાળમાં જોઈને સમય કહેતા. એટલે આશ્રમની ઘડિયાળ બાપુની ઘડિયાળ સાથે મેળવી લેવાતી. અને એ

પ્રમાણે જ કાર્ય ચાલતું.

પ્રશ્ન:-બાપુ આશ્રમવાસીઓ પૈકી કોઈ માંદુ હોય તો ત્યાં જતા ? ત્યારે શું કરતા ?

ઉત્તરઃ-કોઈ પણ માંદા હોય તેની પાસે બાપુ એક વાર તો દરરોજ ખબર લેવા જતા જ. પણ તેમના પલંગ પર બેસવાને બદલે ઊભા રહેતા. બિમારને આશ્વાસન આપતા, વળી કોઈકવાર કહેતા કે લાવો હું તેલ લગાડી દઉં જેથી ઘણો જ ફેર પડી જશે વળી ડોકટરોને પણ ખોરાકમાં ફેરફારની સૂચના કરતા. આ રીતે ખૂબ પ્રેમથી સૌની સંભાળ લેતા.

પ્રશ્ન:-ચાલુ મુસાફરીમાં તમે બાપુ માટે કેવી રીતે ભોજન તૈયાર કરતાં ?

ઉત્તરઃ-અમે એક પ્રાયમસ રાખતાં-એક ડબ્બો રાખતાં, જેમાં બે નાની તપેલી મૂકીને શાક બાફવાનું વગેરે કરતાં, વળી બાપુ ગોળનો ઉપયોગ કરતા. તે ગોળને પાણીમાં ઓગાળીને તે પાણીને ગાળીને ઉકાળતા. અંદર દૂધ નાખતા. એટલે તેઓ તે ગોળ મુસાફરીમાં પણ લેતા. ખાખરા સાથે લઈ લેતા. અને અમે તો બહાર જુદો નાસ્તો વગેરે કરી લેતાં.

પ્રશ્નઃ-પ્રાર્થનામાં તમે ક્યાં બેસતાં ? બાપુને કોઈ ફૂલનો હાર પહેરાવતું ?

ઉત્તરઃ-પ્રાર્થનામાં અમે શ્રોતાઓની આગળ મુખ કરીને બાપુની આગલી હરોળમાં નીચે બેસતાં. બાપુને ઘણાં ફૂલોના હાર અર્પણ કરતા, પણ ઘણીવાર તે હારને બાપુ હાથમાં લઈ લેતા.

પ્રશ્નઃ-બાપુ કોઈ ખાસ વ્યાયામ કરતા ? રમત રમતા ?

ઉત્તરઃ-ના, દરરોજ ફરવા જવાનો વ્યાયામ થતો. બાકી કોઈ કસરત ના કરતા. રમતનો શોખ તો ખબર નથી, પણ તેમને એટલો સમય જ નહતો. તે બાળકો સાથે રમી લેતા. (સંપૂર્ણ)



# રાજા જનક ને સીતા.

યોગેશ્વર

[ મહાત્મા શ્રી યોગેશ્વરજીની સિદ્ધ કલમે ને અનોખી રીતે લખાયેલી સળંગ રામ કથાનો આ ત્રીજો હપ્તો છે. ]

હા, રાજા જનકના અંતરમાં રામ અને લક્ષ્મણને જોઈને એક પ્રકારનો અનેરો અવર્ણનીય આનંદ ફરી વળેલો. એ આનંદની અસર એ રાજપ્રાસાદમાં આવ્યા તોપણ તાજી જ રહી. એમની આંખને બીજું કશું જોવાનું જાણે ગમ્યું જ નહિ. રામ અને લક્ષ્મણ, અને એમાંય ખાસ કરીને રામની આકૃતિ ને જોવામાં જ એમને આનંદ લાગવા માંડ્યો. આવું કેમ થયું તે જનકને ના સમજાયું. સ્વરૂપવાન કિશોરો કે યુવકો તો એમણે આજ લગી અનેક જોયા હતા. વિનયી ને પ્રતાપી પણ જોયેલા. પરંતુ રામની અંદર કશુંક એવું હતું જેણે એમનાં પ્રાણને પકડી રાખ્યો. એણે એમના કાળજાને કામણ કર્યું, હૈયાને ના સમજી શકાય એવા હેતથી ભરી દીધું. અને એથીય આગળ વધીને જાણે કે હરી લીધું. એણે એમના રોમેરોમને કોઈ અલૌકિક રસે રંગી દીધું. રામની મનહર મૂર્તિ એમની આગળ રમવા માંડી અને એની મધુરતાને માણતા જાણે કે એ આજુબાજુનું બધું જ ભાન ભૂલી ગયા.

એટલામાં સીતા આવી. અને એમને શૂન્ય મનસ્ક જેવા જોઈને બોલી :

'રોજ તો તમે મને જોતાં વેંત જ ઉમળકાભેર બોલાવતા અને આજે તમારું મારા તરફ ધ્યાન જ નથી, તેનું કારણ ? કોઈ ઊંડી ચિંતા, વિચારણા કે વ્યથામાં ડૂબી ગયા છો શું ? તમારું મુખમંડળ કોઈક જુદા જ ભાવથી ભરાઈ ગયું હોય એવું લાગે છે.'

જનકે એને પોતાની પાસે બેસાડીને તંદ્રામાંથી જાગતા હોય

એમ કહ્યું :

'મારું મન જરા જુદા જ વિચાર અથવા ભાવમાં ડૂબી ગયેલું. મને એવું થાય છે કે મેં સ્વપ્ન જોયું કે શું ?'

'કેમ ! એવું તે શું થયું ? શેનું સ્વપ્ન જોયું ?'

'સ્વપ્નું નહિ પરંતુ સ્વપ્ન જેવું જ.'

'શું ?'

'મુનિઓમાં સુપ્રસિદ્ધ મહર્ષિ વિશ્વામિત્ર આપણા અતિથિ બનીને પધાર્યા છે. એમના ચરણ સ્પર્શથી આપણી નગરી પાવન થઈ. એમનો સંદેશ મળવાથી હું એમનું સ્વાગત કરવા ગયેલો.

'એવા લોકોત્તર મહાનમુનિ આપણે ત્યાં પધાર્યા એ આપણું અને મિથિલાનગરીનું પરમ સૌભાગ્ય કહેવાય. એમના અસાધારણ અનુગ્રહને માટે આપણે એમના આભારી છીએ. પરંતુ મુનિના આગમન અને દર્શનને તમે સ્વપ્ન કહો છો ?'

'ના એ સ્વપ્ન ન હતું. સાચું હતું.'

'તો પછી ?'

'મુનિની સાથે રામ અને લક્ષ્મણ નામના બે યુવકો પણ આવ્યા છે.'

'રામ અને લક્ષ્મણ ?' સીતાને જાણે એ નામ સુખદ લાગ્યું. ખાસ કરીને રામનું.

હા. રામ અને લક્ષ્મણ એ બંને બંધુઓ શોભાના સાગર જેવા છે. એમની સુંદરતા અજોડ જેવી છે.'

'એ કાંઈ એટલું બધું આકર્ષક તત્ત્વ ના કહેવાય. સુંદરતા તો ઓછા વત્તા પ્રમાણમાં સૌમાં હોય છે. એ એક જ વસ્તુ કાંઈ કોઈને મુગ્ધ ના કરી શકે. તમારા જેવા જ્ઞાની ને સંયમી પુરુષને તો નહિ જ.'

'સાચું છે, છતાં પણ એ મને મુગ્ધ કરી ગઈ તો એનો અર્થ એ કે એ સુંદરતા કોઈ સામાન્ય કોટિની નહિ હોય, અને એકલી



સુંદરતા પણ નહિ હોય. એ સુંદર હોવાની સાથે સાથે અત્યંત વિનયી, સંસ્કારી ને સ્નેહવાળા છે.'

સીતા શાંતિપૂર્વક સાંભળી રહી. એટલે જનકે આગળ કહ્યું :

'અયોધ્યાના રાજા દશરથના એ પુત્રો છે, અને મહર્ષિ વિશ્વામિત્ર સાથે સ્વયંવર જોવા માટે આવી પહોંચ્યા છે.'

'સ્વયંવર જોવા માટે ?'

'હા. મુનિ વિશ્વામિત્ર એમને રાજા દશરથ પાસેથી યજ્ઞની રક્ષા કરવા માટે માંગી લાવેલા. યજ્ઞનું કાર્ય પૂરું કરીને એ એમના પિતાજી પાસે પાછા જવાના હતા. ત્યારે જ મુનિને સ્વયંવરના સમાચાર મળ્યા એટલે એ એમને લઈને અહીં આવ્યા છે. મોટાભાઈ રામ એમના નામ પ્રમાણે અંતરને આરામ આપનારા અને પોતાના આત્મામાં રમનારા છે. એમનું વ્યક્તિત્વ એટલું બધું અનેરું અથવા આકર્ષક છે કે વાત નહિ ! એમને જોતાં વેંત જ મનને શાંતિ મળે છે, અંતરમાં અવનવા ભાવો ઊઠવા માંડે છે, અને આત્મા આનંદમાં અવગાહન કરતાં કરતાં નાચી ઊઠે છે. એમને થોડા વખત પહેલાં જ જોયા છે, પરંતુ એમનું સ્વરૂપ મારી આંખ આગળ ફર્યા કરે છે. આ તે સાચું કે ખોટું, એવી દ્વિધામાં જાણે કે સ્વપ્ન જોયું હોય એવું લાગ્યા કરે છે.'

'તમારા જેવા બ્રહ્મજ્ઞાની પુરુષની અવસ્થા જો એવી થઈ જાય તો પછી સામાન્ય સંસારી પુરુષોનું તો કહેવું જ શું ? તમારા પર જેણે આટલી બધી અસર પહોંચાડી છે એ વ્યક્તિ કે વ્યક્તિત્વ કોઈ સાધારણ નહિ જ હોય એટલું અનુમાન તો સહેલાઈથી કરી શકાય છે.'

'મુનિઓ જેમનું મનન કરે છે ને જેમના સાક્ષાત્કારને માટે તપસ્વીઓ એકાંતમાં વાસ કરીને જુદી જુદી જાતનાં તપ કરે છે, યોગીઓ જેમની ઝાંખી કરવાના સંકલ્પથી પ્રેરાઈને ધારણા, ધ્યાન તથા સમાધિનો આધાર લે છે, ને ભક્તો જેમના અનુગ્રહની આકાંક્ષાથી આરાધનાના આનંદમાં રત રહે છે, તે પરબ્રહ્મ પરમાત્મા

પોતે જ રામનું રૂપ ધારીને પ્રકટ થયા હોય એવું એમને જોતાં વેંત જ લાગ્યા કરે છે. મારું મન એવા ભાવથી જ એમના તરફ ખેંચાઇ રહ્યું છે. એ આકર્ષણની પાછળ મોહ નથી પણ વિવેક છે.'

સીતા એમના શબ્દોને આશ્ચર્ય અને આનંદપૂર્વક સાંભળી રહી એટલે એ બોલ્યા :

'આ તો મારા મનનો ભાવ કહી બતાવ્યો, પરંતુ મને એક બીજો વિચાર પણ આવવા માંડ્યો છે.'

'શું ?'

'એ વિચાર તને ના કહું તે જ સારું છે.'

'કેમ ? એ એવો ગુપ્ત છે ?'

'ગુપ્ત તો નથી, અને હોય તો પણ તારાથી ગુપ્ત રાખવા જેવું મારે કશું નથી.'

'તો પછી ?'

'કદાચ એ વિચાર તને વધારે પડતો લાગશે.'

'ભલે લાગે. તમને કાંઈ હરકત ના હોય તો એ ખુશીથી પ્રકટ કરો. તમારા વિચારો સાંભળવાનું મને ગમે છે એ તમે જાણો જ છો.'

જનકે થોડી વાર વિચાર કરી જોઇ ને પછી કહ્યું :

'રામને જોઈને મને લાગે છે કે એ તારે માટે સર્વથા યોગ્ય છે. રૂપ ને ગુણના સુભગ સમન્વયવાળી એવી વ્યક્તિ બીજી કોઈ નહિ મળે. તું એમને જોઈશ તો તને પણ એવું જ લાગશે. મને આવી ખબર હોત તો તારા સ્વયંવરની યોજના ના પણ કરત. પરંતુ હવે તો...'

સીતા વિચારમાં પડી.

રામ શું એટલા બધા ઉત્તમ હશે ?

'ત્યાં તો જનક બોલ્યા :

'પરંતુ હવે તો એ યોજના બની ગઈ છે તથા જાહેર થઈ ચુકી છે. વિધાતાએ કોણ જાણે મને આ શું સુઝાડ્યું ? શંકરના ધનુષનો ભંગ કરે તે જ તને પરણી શકે એવો સંકલ્પ હવે તો થઈ



ચૂક્યો છે. રામની ઉંમર તો હજુ નાની છે. એમનામાં એટલું બધું પરાક્રમ ક્યાંથી હોઈ શકે ?'

સીતાએ કહ્યું :

'વિધાતાએ જે સુઝાડ્યું હશે એ બધું જ સારું જ કરશે એવો મારો વિશ્વાસ છે. તમે તેની ચિંતા ના કરશો. મારે માટે જે યોગ્ય હશે તેની સાથે જ મારું પાણિગ્રહણ થઈ રહેશે. વિધાતાએ શું ધાર્યું છે તેની સમજ શી રીતે પડે ? પણ તે મારું અમંગલ તો નહિ જ કરે. તમે જે સંકલ્પ કર્યો છે અને એની સફળતા સારુ સ્વયંવરની યોજના ઘડી છે તે બધી રીતે બરાબર છે. મારો સંકલ્પ પણ એવો જ છે. રામ તમને રૂપવાન અને ગુણવાન લાગે છે. પરંતુ મારા મનમાં પરાક્રમી પતિને વરવાની જે ઇચ્છા છે, એ ઇચ્છા એકલા રૂપ અને ગુણવાળા પુરુષથી પૂરી નહિ થઈ શકે. તમે કહો છો કે રામ મહર્ષિ વિશ્વામિત્રના યજ્ઞની રક્ષા કરીને આવી રહ્યા છે, તો એ પરાક્રમી પણ હશે જ ને ? અસુરોથી યજ્ઞની રક્ષા કરવામાં પરાક્રમની જરૂર તો પડે જ. એટલે એ જો પરાક્રમી હશે તો પોતાનું પરાક્રમ દેખાડશે.'

'એમણે યજ્ઞની રક્ષા તો કરી છે. મુનિ વિશ્વામિત્રનાં એવાં વચન ખોટાં ના હોય. એ હકીકત ભારે આશાસ્પદ અને ઉત્સાહજનક છે. પરંતુ શંકરના મહામહિમાવાળા ધનુષ્યને ઉંચકવા જેટલું બળ એમનામાં હશે કે કેમ, એ શંકા છે.'

'એવી શંકાને ચિંતા આપણે અત્યારથી શા માટે કરવી જોઈએ ?'

'એ કાંઈ કરી નથી કરાતી. મને એમના પર પ્રેમ થયો છે. એથી એવી ચિંતા સહજ થઈ રહી છે. મારા અંતરની ઇચ્છા છે કે એમની સાથે તારું લગ્ન થાય તો સારું. એવું નહિ થાય તો મારા મનમાં ભારે વસવસો રહી જશે.'

'એનો કોઈ ઉપાય નથી. એવા વિચાર કરીને તમે અત્યારથી નાહક દુ:ખી ના થશો. બધું વિધાતા પર છોડી દો એજ બરાબર છે.'

વાતાવરણમાં લાંબા વખત લગી શાંતિ પથરાઈ રહી.

જનક કોઈ ઊંડા વિચારમાં ડૂબી ગયા.

એટલામાં તો સીતા બોલી.

'મારે માટે જે બધી રીતે યોગ્ય હશે તે જ પતિ આ સ્વયંવરને પરિણામે મને પ્રાપ્ત થશે. એથી મારી ભાવના પણ સચવાશે તથા તમારો સંકલ્પ પૂરો થશે. પરંતુ તમે તો કહો છો કે રાજા દશરથના બંને પુત્રોને મુનિ વિશ્વામિત્ર સ્વયંવર બતાવવા માટે લાવ્યા છે ?'

જનકે ગંભીર સ્વરે ઉત્તર આપ્યો :

'મુનિ વિશ્વામિત્ર તો એવું જ કહેતા હતા.'

'તો પછી એ સ્વયંવરમાં ભાગ કેવી રીતે લેશે. ?'

'એ સ્વયંવર જોવા માટે આવ્યા છે એનો અર્થ એવો છે થોડો છે કે એ સ્વયંવરમાં ભાગ નહિ લે ? લે પણ ખરા. વિધાતા એમને ભાગ લેવા પ્રેરે અને સફળ કરે તો સારું. તો તો મને ઘણો જ આનંદ થાય. રામના મેં આટલાં બધાં વખાણ કર્યાં. પરંતું તું જ્યારે એમને જોઈશ ત્યારે તને પણ લાગશે કે મારા કરેલાં વખાણ વધારે પડતાં નથી પરંતુ ઓછાં છે.'

સીતા શાંત રહી.

---

( અનુસંધાન પાના ૧૦ નું ચાલુ )

અંગ છે. તે વાતની પણ તેઓએ પોતાના 'અર્ઘ્ય' ગીત સંગ્રહ-નાં ભજનો શિબિરમાં સાત દિવસો દરમ્યાન ભાવભક્તિપૂર્ણ કંઠે ગાઈને, સાધકોને પ્રતીતિ કરાવી.

શિબિરના વૃક્ષોથી આચ્છાદિત શીતળ સ્થળની સાથે, કુલર-ના ઠંડા જળની સુવિધા, ને પૂ. શ્રી. તેમજ પૂ. મા ની અમૃત-સમી વાણીનો આસ્વાદ લઈને સાધકો સાત દિવસ માટે જીવન-ના સર્વ પરિતાપોથી મુક્ત થઈ શાન્તિનો અનુભવ કરી શક્યા. એ અમદાવાદની શિબિરની સુંદર ફલશ્રુતિ લેખી શકાય.

સમગ્ર સાધક ભાઈ બહેનોનું જીવન આત્મિક ઉન્નતિના માર્ગે વળે, એ જ પ્રભુ પ્રત્યે પ્રાર્થના.

"ઈશ્વર સચરાચરમાં વ્યાપક છે. પરંતુ જ્ઞાન વગર તેની સમજ આવતી નથી, અને તપ ને સાધના વિના એની અનુ-ભૂતિ શક્ય નથી."

યોગેશ્વર

ઈશ્વરસીંગ જ્ઞાનસીંગ

ગવર્નમેંટ કોન્ટ્રાકટર.

આહવા. જિ ડાંગ

"ભક્તોમાં વખણાય ખૂબ મહિમા,
વાતો તમારી થતી.
આજેયે કરુણાતણી અવનવી,
વાતો રચાયે જતી.
તે છે સર્વ યથાર્થ તો સુખ ધરો,
ચિન્તા બધીયે હરો.
સાઈનાથ નમું પ્રસન્ન મનથી,
ઇચ્છા બધીયે પૂરો."

યોગેશ્વર




## કે. એન. દેસાઈ

ગવર્નમેંટ કોન્ટ્રાકટર
આહવા. (જિ. ડાંગ)


રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, જગાફેકના ડેલામાં, લોખંડબજાર, ભાવનગર.